# પ્રકરણ-૩

## મેર (મહેર) જ્ઞાતિનો ઐતિહાસિક પરિચય

# પ્રકરણ – ૩

# મેર (મહેર) જ્ઞાતિનો ઐતિહાસિક પરિચય

★ **પ્રસ્તાવના :**

પ્રસ્તુત અભ્યાસના આ ત્રીજા પ્રકરણમાં મેર જ્ઞાતિનો ઐતિહાસિક પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે. આ જ્ઞાતિઓનું અસ્તિત્વ સદીઓ પુરાણું હોય છે. પરંતુ તેનો લેખિત ઈતિહાસ મર્યાદિત હોય છે. આ કારણે અત્રે દંતકથાઓ મૌખિક તેમજ અભ્યાસીઓ દ્વારા લખવામાં આવેલા ઈતિહાસનો ઉપયોગ કર્યો છે.

પરંપરાથી એવું મનાય છે કે જેના હાડેહાડમાં હિંમત ભરી છે અને ખોળિયામાં ખમીર છે તે પ્રજા એટલે મેર, મહેર-મિહિર. મિહિર સંસ્કૃત શબ્દ છે. મિહિર એટલે સૂર્ય. જેમાંથી પ્રકાશનો પૂંજ રેલાતો હોય અને પોતાના તેજથી જગતને આંજી દેનાર ઉષ્માઓનો ખજાનો. મેર, મહેર-મિહિર પ્રજા પણ એવી જ વીર્યવાન મીર, ઉદારતા તથા ત્યાગ, વેર અને ટેકને વરેલી પ્રજા છે, એમ કહેવાય છે.

મિહિરનો અપભ્રંશ શબ્દ મેહર થયો. તેમાંથી 'હ'નો લોપ થતાં કે અપભ્રંશ થતા તે 'મેર' થયો છે. મહેર એટલે દયા. મહેર શબ્દને ઉલટાવીને જૂઓ તો તેનો 'રહેમ' શબ્દ થાય છે. અને 'રહેમ' એટલે પણ 'દયા', 'કરુણા' થાય છે. જેના હૃદયમાં દયા રહેલી છે, જ્યાં 'કરુણા' ના ઝરણાં સતત વહેતા હોય તેવી પ્રજા તે મહેર.

બીજી બાજુ માળાના મુખ્ય મણકાને 'મેર' કહેવામાં આવે છે. ભારતમાં જે પ્રજા મુખ્ય રહી છે તે મહેર પ્રજા છે. ગુજરાત ગેઝીટીયર કહે છે કે 'મેર' એટલે 'મુખી'. ઈતિહાસકારો પણ એથી જ કહે છે કે : Mer caste is the best caste in all caste of Saurastra. અર્થાત, 'સૌરાષ્ટ્રની બધીજ જ્ઞાતિઓમાં મેર જ્ઞાતિ ઉત્તમ છે.'

પોરબંદર, જૂનાગઢ અને જામનગરની હદ સિવાય બીજે આ પ્રજાનો વસવાટ નથી, તેનો વહેવાર સૌરાષ્ટ્ર પૂરતો જ રહ્યો છે. આટલા ટૂંકા વિસ્તાર અને અલ્પ સંખ્યામાં હોવા છતાં આજે તેની ખ્યાતિ દેશના સિમાડા વટાવી ગઇ છે અને જ્યાં-જ્યાં મહેરો ગયાં ત્યાં-ત્યાં તેની

સાથે પોતાની સંસ્કૃતિ લેતા ગયા છે. તેનો પોતાનો ઇતિહાસ છે અને તે આજે પણ ગૌરવથી વંચાય છે. એથી એક કવિ કહે છે કે :-

"સૌરાષ્ટ્રની પશ્ચિમ ધરામાં બરડો પંથક બોલાય છે,
મોટી વસ્તી મહેરની ગૌરવ જ્ઞાતિ ગણાય છે,
ઇતિહાસમાં અમર થવા વિવેકથી વંચાય છે,
શૂરા, સતીઓ અને સંત ભગતથી મહેર કુળ મહેકાય છે."

મહેર પ્રજાએ પોતાની બહાદુરી અને દિલાવરીની ક્યાંય કસર રાખી નથી. બરડાના મહેરની બહાદુરી અને ઘેડના મેરની દિલાવરી સૌરાષ્ટ્રમાં અજોડ ગણાય છે. બરડા ડુંગર અને બરડાની ધરા સાથે બરડાના મહેર-મેરાણીને પણ કવિઓએ અજોડ ચીતર્યાં છે. મેર અને મેરાણીનાં પ્રશસ્તિ ગાતા અનેક દૂહા આપણને લોક સાહિત્ય અને ઇતિહાસમાંથી સાંપડે છે.

"ભેંસ ભાદરતણી, વેણુ ગાય વખાણ,
કાઠિયાવાડના કામની, બરડો સંગો જુવાન
કાઠિયાણી કડ્ય પાતળી, હલકતી માથે હેલ્ય,
બરડા કેરી બજારમાં, ઢળકતી આવે ઢેલ"

આમ અન્ય પ્રજામાં બરડાના 'મેર' લોકો અલગ તરી આવે છે. તેનું વર્ણન 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' માં શંભુપ્રસાદ દેસાઇ આ રીતે કરે છે :-

"સિંધ, મારવાડ, મેવાડ, ઉત્તર ભારત વગેરે પ્રદેશોનાં રાજકુળોની નીતિરીતિ સભ્યતા, વીરતા, ટેક, વટ, ખુમારી, દેહ, રૂપ અને છટાનું સુંદર અને સરસ મિશ્રણ થયું છે અને તેમાંથી સૌરાષ્ટ્રને ગૌરવ લેવા યોગ્ય મેર જાતિનો ઉદ્‌ભવ થયો." (પૃ.-૪૮૧, ત્રીજી આવૃત્તિ, વર્ષ-૧૯૯૦).

આમ પોતાની અલગ મુદ્રા ઉપસાવતી મેર જાતિ એના આરંભકાળથી પોતાની આગવી ઓળખ ધરાવે છે. 'અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયા' 'રાજસ્થાનનો ઇતિહાસ' 'કાઠિયાવાડ સર્વસંગ્રહ' 'હ.બા.ગ્રંથ' જેવા અનેક માતબર ઐતિહાસિક ગ્રંથોએ મેર પ્રજાની આગવી ઓળખને વાચા આપી છે તેની નોંધ લીધી છે.

આ જ્ઞાતિમાં અનેક તેજસ્વી તારલાઓએ જ્ઞાતિને ઉજ્જવળ બનાવી છે. ઈતિહાસના પાનામાં પોતાનું સ્થાન બનાવ્યું છે. વટ, વચન, વતન કે ટેક અથવા ગૌ બ્રાહ્મણ અને સ્ત્રી રક્ષા માટે ખપી ગયેલા અને સમાજમાં સદાય સ્મરણીય શૂરવીરો, પોતાની જમીન-જાયદાદ કે સમૃદ્ધિ લૂંટાવી દઈને 'દાતાર' નું બિરુદ મેળવી ગયેલા ત્યાગીઓ કે પછી ઈશ્વર સ્મરણમાં અને પરોપકારમાં આયખું સમર્પિત કરનાર સંતો-ભક્તોની ભેટ આ જ્ઞાતિએ સૌરાષ્ટ્ર અને ભારતને આપી છે.

મહેરો વિષે ઝવેરચંદ મેઘાણી લખે છે કે જ્યારે ઇ.સ.૧૮૦૦ માં અંગ્રેજો બંદુકો લાવ્યા ત્યારે સૌરાષ્ટ્રની મહેર પ્રજા રડી હતી. એટલા માટે નહોતી રડી કે તેઓ તેનાથી ડરી ગયા હતા પણ હવે તેઓ પોતાની ભૂજાઓનું કૌવત ક્યાં દેખાડશે ? એ પ્રશ્નથી રડ્યા હતા.

ક્યાંથી આવ્યા? કઇ પ્રજામાંથી ઉતરી આવ્યા? તથા ક્યારે આવ્યાં? આવા ઈતિહાસના પ્રશ્નો ઉપસ્થિત થાય તે સ્વાભાવિક છે. આ પ્રશ્નનાં નિવારણ માટે મહેર જ્ઞાતિ-શિરોમણી પૂજ્ય શ્રી માલદેવ રાણા કેશવાલા 'બાપુ' એ ખૂબ જ પરિશ્રમ કરીને તેના ઈતિહાસના પાના આલેખ્યાં -ઈતિહાસ મેળવ્યો. તે માટે પોતાનું આયુષ્ય સમર્પિત કરી દીધું. ઘેડ અને બરડા પંથકને ગામડે-ગામડે ફરીને મધ્યપ્રદેશ અને રાજસ્થાનને ખૂણેખૂણે ખૂંદીને તથા ઐતિહાસિક ગ્રંથો, શિલાલેખો અને તામ્રપત્રોના અભ્યાસ કરીને મહેર જ્ઞાતિનો ઈતિહાસ એકઠો કરવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કર્યું અને તે ઈતિહાસ ઇ.સ.૧૯૫૫માં 'મહેર જવામર્દ' શીર્ષક તળે પ્રકાશિત કર્યો.

મહેર જ્ઞાતિ સૌ પ્રથમ 'મિહિર' તરીકે ઓળખાતી હતી. સંસ્કૃતમાં 'મિહિર' શબ્દનો અર્થ સૂર્ય થાય છે. આ ઉપરથી કહી શકાય કે તે સૂર્યવંશી, સૂર્યપૂજક છે. વિવિધ વિદ્વાનોમાં તે ક્યાં કુળમાંથી કે કઇ જાતિમાંથી ઉતરી આવી છે તે વિશે મતમતાંતર છે. છતાંય શ્રી શંભુપ્રસાદ દેસાઇ 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ' પુસ્તકના પૃષ્ઠ ૩૯માં સ્પષ્ટ દર્શાવે છે કે મિહિર-મહેરો સૂર્યવંશી છે અને તે આર્ય પ્રજામાંથી ઊતરી આવી હશે. ફારસી વિદ્વાનો તો આ મહેર જાતિને કૌરવ જેટલા પ્રાચીન માને છે.

બીજી બાજુ લાસન, ઇલીયટ વગેરે અંગ્રેજ લેખકો મહાભારતમાં દર્શાવેલા મદ્ર લોકો મેર હશે અને જાતિ તે જેઠવા હશે એમ માને છે. 'મજમુલ-ત-તવારિખ' નામના ગ્રંથમાં જણાવ્યું છે કે 'જાટ અને મેડ કે મેદના વંશજો તે આ મહેર'. 'કાઠિયાવાડ ગેઝેટીયર' નાં મીનનગર

(મીયાણી) અને પેરીપ્લસ-જનરલ ઑફ રોયલ એશિયાટીક સોસાયટીનાં પૃ.૮૩૦ પર મીનનગર, સિથિયાનું પાટનગર હતું તેમ જણાવે છે. તેમાં આ નગરને 'શંક સ્થાન' કહ્યું છે. તે જોતાં આ બંને સ્થળોના એક સરખા નામથી એવા તારણ ઉપર આવી શકાય કે મેર લોકો પહેલા 'શંક' તરીકે ઓળખાતા હશે. મેરનાં મૂળ શક લોકોમાં હોવાનો સંભવ છે.

'અંશ કલુલ બિલાદ' નાં લેખકનાં મતે મેદો સિંધુ કિનારે વસે છે. આ મેદો-મેડ લોકો પાછળથી 'મહેર' કહેવાયા હોય. જ્યારે વિલ્સન મેર પ્રજાનાં મૂળ તરીકે મધ્ય એશિયાને ગણાવે છે. આમ આ પ્રજા મધ્ય એશિયામાંથી પંજાબ, રાજસ્થાન, કાઠિયાવાડ એમ સ્થળાંતર કરતી બરડામાં આવી હશે. આ મહેર પ્રજા રાજસ્થાનમાં આવી ત્યારે 'પડિહાર' સંજ્ઞાથી ઓળખાતી. કાઠિયાવાડમાં આવી ત્યારે મૈત્રક તરીકે અને બરડામાં આવ્યા પછી 'મહેર' અથવા 'મેર' તરીકે ઓળખાતી થઇ હશે. આ ઉપરાંત શકની ક્ષહરથ શાખા અને ક્ષત્રમ શાખામાં મેરનો અણસાર, મેરનું પંજાબમાં આગમન મૈત્રક સેનાપતી ભટ્ટાર્ક મેર હતો. ગૃહસેનથી સિસોદિયા વંશનું આગમન વગેરે બાબતો આ પ્રકરણમાં ચર્ચાને પાત્ર છે.

મહેરોની વિવિધ શાખાઓ કઇ રીતે અસ્તિત્વમાં આવી તે પણ સંશોધનનો વિષય છે. શ્રી જગદીશ ગેહલોત રાજપૂતોમાં છત્રીસ કુળ ગણાવે છે. તેમાંથી વિવિધ રજપૂત કુળો મહેરમાં ભળતાં ગયા અને તેની વિવિધ શાખાઓ અસ્તિત્વમાં આવી હશે. તેનાં સમય, કુળ ક્યારથી મહેરમાં ગણાયા વગેરે બાબતો સંશોધનીય છે. બીજી બાજુ 'મહેર જવામર્દ' ના લેખક શ્રી ભરતભાઇ બાપોદરા મહેરોની કુલ ચૌદ શાખા ગણાવે છે તે નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) કેશવાલા | (૨) સિસોદિયા |
| (૩) રાજશાખા | (૪) સૂમરા |
| (૫) પરમાર | (૬) ચાવડા |
| (૭) વાઘેલા | (૮) વાઢેર |
| (૯) સોલંકી | (૧૦) જાડેજા |
| (૧૧) વાળા | (૧૨) ચૌહાણ |
| (૧૩) ચુડાસમા | (૧૪) ભટ્ટી |

આ વિવિધ શાખાઓ ક્યારે અસ્તિત્વમાં આવી, ક્યા વંશમાંથી છૂટી પડેલી, તેના સમય વગેરે તથા તેની પેટા શાખાઓ કઇ-કઇ છે તે પણ આ પ્રકરણમાં સંશોધનનો વિષય રહેલ છે. બીજી બાજુ સૌથી પ્રથમ મહેર તરીકે 'કેશવાલા' મહેર ગણાય છે તો તે યોગ્યતા ચકાસવી રહી. દંતકથા અને વાસ્તવિકતા વચ્ચે કેટલું સામ્ય રહેલું છે તે પણ એક સંશોધનનો મુદ્દો બને છે. આ વિવિધ મુદ્દાઓ જેવા કે મહેર ક્યાંથી ઊતરી આવ્યા? કઇ જાતિમાંથી આવેલાં છે અને તેનો સમય ક્યો હોઇ શકે? આવી વિવિધ બાબતો, મહેરોમાં ભળતી કે ભળેલી અને સૌ પ્રથમ કઇ શાખા અસ્તિત્ત્વમાં આવી હશે? વિવિધ પેટા શાખાઓ કઇ રીતે અસ્તિત્વમાં આવી? આવા વિવિધ સંશોધન મુદ્દાઓને વિવિધ ઐતિહાસિક ગ્રંથો, ઇતિહાસકારોનાં પુસ્તકો, લેખો દ્વારા સ્પષ્ટ કરવાનો ઉપક્રમ અહીં રાખેલ છે.

### ★ મેર (મહેર) જ્ઞાતિનો ઇતિહાસ :

પોરબંદરની આજુબાજુ આવેલા ઘેડ અને બરડા વિસ્તારમાં નિવાસ કરતી મેર પ્રજા પોતાના શૌર્ય, ટેક, વચન, વતન પ્રત્યેની મમતા, ખૂમારી, ઝિંદાદિલી , દાતારી, રીત-રિવાજો, પહેરવેશ, રાશ વગેરેને કારણે પ્રસિદ્ધ છે. આવી ભાતીગળ સંસ્કૃતિનો વારસો ધરાવતી આ મહેર પ્રજા સૌથી પહેલા ક્યાં હતી? સૌરાષ્ટ્રમાં કેવી રીતે આવી? કયા કયા નામો ધારણ કરતી - ઓળખાતી હતી વગેરે બાબતોને લક્ષ્યમાં રાખીને અનેક દેશી-વિદેશી ઇતિહાસકારોએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા છે.

મેરનો કડીબદ્ધ અને વ્યવસ્થિત ઇતિહાસ ક્યાંય એક પુસ્તકમાં મળતો નથી કે કોઇ પુસ્તક તેની કડીબદ્ધ માહિતી આપતું નથી. મોટાભાગના ઇતિહાસકારો 'કેશવાલા' મહેરને આદ્ય મહેર ગણ્યાં છે. બાકીનાં મહેર મૂળ રજપૂતો છે અને મહેરમાં ભળીને મહેર થયા છે એમ લખાયું છે. આ કેશવાલા મહેર અને પાછળથી રજપૂતો મળીને મહેર કહેવાયાં તે પહેલા આ મહેર પ્રજાના મૂળ કેટલાંક ઇતિહાસકારો મહાભારતના મદ્ર કે મેદ લોકોમાં ગણાવે છે. મહાભારતમાં મદ્ર અને જાતરિક લોકોનો ઉલ્લેખ આવે છે. આ લોકો વચ્ચે અવિરત વિગ્રહ ચાલ્યાં કરતો એવો તેમાં ઉલ્લેખ છે.

શ્રી શંભુપ્રસાદ દેસાઇ 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ'માં આ મેદ કે મેડ બાબતે 'મજમુલ-ત-તવારિખ' નામના ગ્રંથમાં જણાવ્યાં પ્રમાણે લખે છે કે "જાટ અને મેદ કે મેડ નેહાનાં પુત્ર હામના વંશજ છે. સિંધુનાં એક તીરે જાટ વસતા અને સામે તીરે મેડ વસતા. તે બંને જાતિઓ વચ્ચે નિરંતર યુદ્ધો ચાલ્યાં કરતા. વારંવાર થતા માનવ સંહારથી કંટાળીને તેઓ દુર્યોધન પાસે ગયાં અને તેમને એક રાજા આપવા માંગણી કરી. દુર્યોધને તેની બહેન દુશાલા તથા તેના પતિ જયદ્રથને સિંધુનું રાજ આપ્યું. મહાભારતનાં યુદ્ધમાં જયદ્રથ મરાઇ ગયો અને દુશાલા સતી થઇ. યુધિષ્ઠિરે તેમનાં પુત્ર સંજવારને તેના પિતાનો પ્રદેશ આપ્યો. એ ઉપરથી માની શકાય કે મેદો કે મેડો મહાભારત પૂર્વનાં ભારતનાં વાસીઓ છે."(૧)

લાસન, ઇલિયટ વગેરે અંગ્રેજ લેખકો માને છે કે મહાભારતમાં દર્શાવેલા મદ્ર લોકો મેર હશે અને જાતરિક કહ્યા છે તે જાટ હશે. આ વિધાનને યોગ્ય ગણીએ તો મહેરને મહાભારત પહેલાનાં સમયનાં ગણવા પડે અને તે પાંચ હજાર વર્ષ પૂર્વનાં ભારતનાં રહીશ ગણાય. ત્યાર પછી તેઓ સિંધ-કચ્છમાંથી સૌરાષ્ટ્રમાં આવ્યા. તથા મદ્રમાંથી મેડ-મેર અને જાતરિકમાંથી જાટ, જેઠવા એમ સંજ્ઞા ફેર થયો હોવાનું માની શકાય છે. મહેરો કે આ મદ્ર લોકો સૌરાષ્ટ્રમાં ક્યારે અને કેમ આવ્યાં તેનું વર્ણન નવમી સદીમાં ખલીફ અલ મુતવક્કલની કચેરીમાં રહેતાં 'અલ બિલ્દુરી' નામનાં લેખકે સિંધની ભૂગોળ અને ઇતિહાસનાં ગ્રંથ 'ફુતુહ બુલ્દાન' માં લખ્યું છે.

ઇ.સ.૮૩૬ માં ખલીફ મુત્તસીએ સરહદી વિસ્તારોના હાકેમ તરીકે મુસાના પુત્ર અમરાનને નિયુક્ત કર્યો. તેણે જાટોને નમાની મુલતાન તથા કંદબીલ જીતી ત્યાંથી મેદ કે મેડ લોકો સામે યુદ્ધો ખેલ્યાં. એવું મનાય છે કે આ યુદ્ધોમાં ત્રણ હજાર મેદો માર્યા ગયાં. મેદોને પાણી ન મળે તે માટે અમરાને એક બંધ બાંધ્યો. મેદોના આ સંહાર અને પીડનમાં જાટ લોકોનો અમરાનને પૂરો સહકાર હતો. મેદોને હેરાન કરવા અમરાને દરિયામાંથી નહેર ખોદી જે તળાવમાંથી તે પાણી લેતાં તેમાં વાળી તેને પણ ખારું કરી નાંખ્યું. તે પછી મુહમ્મદ બિન ફઝલે સાઠ વહાણોનો કાફલો તૈયાર કરી મેદો ઉપર આક્રમણ કર્યું છતાં મેદો અણનમ રહ્યા એમ જણાય છે. આ ત્રાસથી બચવા મેરો સિંધમાંથી કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઉતરી આવ્યાં અને અબડાસા અને માળીયામાં વસ્યાં. અમરાને ત્યાં પણ તેમને પરાસી કરવા આક્રમણ કર્યું પણ મેદોને તે કાંઇ કરી શક્યો નહીં.(૨)

શંભુપ્રસાદ દેસાઇ આગળ નોંધે છે કે હિજરી સન ૩૩૦-૩૩૨, ઇ.સ.૯૪૧-૯૪૩ ની આસપાસ લખાયેલા 'મુરૂઝુલ-ઝહાબ'નો લેખક 'અલમસુદી' નોંધે છે કે ઇ.સ.૯૧૫ માં તે જ્યાંરે સિંધમાં ગયો ત્યારે મનસુરાવાસીઓ ઉપર મેદોના આક્રમણો ચાલું હતાં. હિજરી સન ૫૮૯- ઇ.સ.૧૧૯૩ની આસપાસ લખાયેલા 'અંશ કબુલ બિલાદ' ઉર્ફે 'કિતાબુલ માસાલિક વ મમાલિક' નો લેખક ઇબ્ન હૌકલ લખે છે કે મેદો સિંધુને કિનારે વસે છે અને પશુપાલનનો વ્યવસાય કરે છે. તેઓ ઇસ્લામ સ્વીકારતા નથી. આવા અન્ય લેખકોના ભિન્ન ભિન્ન વર્ણનો મળે છે. તેમાં મેદો મકરામ તથા સિંઘમાં સમુદ્રમાં વહાણો લૂંટી લેતા અને સમુદ્ર પર સ્વામિત્વ ભોગવતાં. આ નોંધ ઉપરથી જણાય છે કે ઇ.સ.૮૩૬ માં મેદો સિંઘમાં વસતા હશે. બીજી બાજુ ઇબ્ન હૌકલનાં વિધાન પરથી સ્પષ્ટ જણાય છે કે આ મેદો કે મેડ પ્રજા ઇ.સ.૧૧૯૩ સુધી સિંઘના કિનારે વસતી હશે. આ પછી કાલાંતરે તે પ્રજા સ્થળાંતર કરતી કરતી કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવી હશે. આ મેદ-મેડ જાતિમાંથી સમયાંતરે 'મેર' કે 'મહેર' જાતિ અસ્તિત્વમાં આવી હશે કે સંજ્ઞા ફેર થયો હશે. આ બાબતે સ્પષ્ટતા કરતાં શંભુપ્રસાદ દેસાઇ જણાવે છે કે,

"મારવાડનું નામ મેદપાટ પણ છે અને ત્યાંના લોકો મેદ કહેવાતાં હશે. મેદ જાતિ બળવાન અને વીર જાતિ હતી. ઇસ્લામના પ્રાદુર્ભાવ પછી ખલીફો પ્રેરિત જે આક્રમણો ઇશુની આઠમી-નવમી સદીઓમાં આવ્યાં તે આક્રમણો સામે જાટોની જેમજ મેદ લોકો અડીખમ ઉભા રહ્યા હતા. ફારસી ભાષામાં મેર અને મેદ એક જ રીતે લખાય છે અને ફારસી અક્ષર "રે" (ર) જરા ઊંચો લખાઇ જાય તો ફારસી અક્ષર "દાલ" (દ) જેવો વંચાય. વળી મુસ્લિમ લેખકોએ ભારતીય વ્યક્તિઓનાં નામો જાતિઓનાં નામ કે નગરોનાં નામો શુદ્ધ રીતે લખાય માટે જરા પણ તકલીફ લીધી નથી. તેઓએ મન ફાવે તેવી રીતે લખ્યું છે એટલે મેદ, મેર હોય તો આશ્ચર્ય ગણાય નહી. એમ પણ જણાય છે કે મુસ્લિમોનાં પ્રબળ ધસારા સામે તેઓ પાછળથી વધુ વાર ટકી શક્યા નહી હોય અને આ દેશ તરફ સમુદ્ર માર્ગે આવીને વસી ગયા હોય.[૩]

આમ, આ વિધાનો ઉપરથી કહી શકાય કે મેર પ્રજા મારવાડ કે મંદપાટ, ધંધુકામાં અને અન્યત્ર હતી તેમ સિંધમાં હશે. કોઇપણ કારણે આ પ્રજા સમુહ સ્થળાંતર કરતાં મેદવા મેર લોકો સિંધમાંથી સોરઠમાં ઇશુની આઠમાં સદીમાં આવ્યાં હોય.

★ **મેરના મૂળ શક લોકોમાં હોવાનું સંભવ**

મહેર-મેર જાતિનાં ઉદ્‌ભવ વિશે તથા તેના પૂર્વજો વિશે ઇતિહાસકારો જુદાં-જુદાં મત ધરાવતા હોવાનો સંભવ છે. ઇતિહાસવિદોને ટાંકીને સમજાય છે કે :-

પોરબંદરની બાજુમાં મિયાણી ગામનું મૂળ નામ 'મીનનગર' હતું એમ કાઠિયાવાડ ગેઝેટીયરમાં લખેલું છે. 'પેરીપ્લસ-જનરલ ઓફ રોયલ એશિયાટિક સોસાયટી' નામનાં પુસ્તકમાં પૃષ્ઠ ક્રમાંક ૮૩૦ પર ઉલ્લેખ છે કે મીનનગર સિથિયાનું પાટનગર હતું. આ નગરોને તેમાં 'શંક સ્થાન' કહેવાયું છે. આ બંને સ્થાનોમાં એક સરખા નામ જોતા એવા તારણ ઉપર આવી શકાય કે મેર લોકો પહેલા 'શંક' તરીકે ઓળખાતા હશે. ભારતીય ગ્રંથોમાં આવે છે. તેમા શક લોકો મૂળ ભારતનાં નિવાસી હતા. ભૃગુસંહિતા અને માનવ ધર્મશાસ્ત્રમાં શક લોકોની ગણના ક્ષત્રિય વર્ણમાં કરવામાં આવી છે. મહાભારતમાં યુદ્ધમાં શક લોકો દુર્યોધન પક્ષે રહીને લડ્યા હોવાનો ઉલ્લેખ છે. ભવિષ્યપુરાણમાં શાક્યદ્રિષ અને શાક્યગિરિના વર્ણનો આવે છે. એ મુજબ ઇક્ષુ-કક્ષુ અથવા વક્ષુ નદી (મત્સ્યપુરાણ ૧૨૧-૪૫, વાયુપુરાણ ૪૭-૪૪) શાક્ય દ્વિપમાં વહેતી.

શકો એ નદીને તીરે વસતા. મહાભારતમાં સિંધુ નદીના પ્રદેશને સિંધુશક (ઇન્ડોસિથિયા) કહ્યો છે.(૪)

આમ સિંધુ નદીના કાંઠે જાટ લોકો અને મેડ લોકો વસતા એવું આપણે અગાઉ "મજમુલ-ત-તવારીખ" માં આપેલું વર્ણન જોયું આ પૈકી મેડ લોકો પહેલા શક લોકોથી ઓળખાતા હોય એ શક્ય બને છે. કેમ કે મેડ અને શક લોકોને સમય સમાન છે. ઉપર જોયું તેમ શક લોકો પણ દુર્યોધનનાં પક્ષે રહીને લડ્યાં હતા તેવો ઉલ્લેખ મળે છે. આ રીતે શક અને મેડ લોકોનો સિંધુ તટે વાસ, દુર્યોધનનાં પક્ષે લડવું, સિંધમાં આવવું, મીનનગરની સ્થાપના કરવી - વગેરે બાબતોમાં આ સામ્ય જણાય છે. તે જોતા શક અને મેડ લોકો એક હોવાનો સંભવ છે.

શક સમય વિશે શ્રી શંભુપ્રસાદ દેસાઇ માને છે કે, ઇતિહાસનાં પ્રમાણો જોતા જણાય છે કે ઇ.સ.પૂર્વે ૮૦ લગભગ એશિયામાંથી ઉતરી આવેલા શકોએ ગ્રીકોનો પરાભવ કરી સિંધુ તટે આવેલા આબીરીયા કે આભીરીયા જીતી ભારતની ભૂમિ ઉપર તેનો વિજય ધ્વજ રોપ્યો અને જુદાં જુદાં રાજાઓને હરાવી ઉત્તર ભારતમાં તેમની સત્તાનો વિસ્તાર કર્યો. ઇ.સ.૧૦૦ માં

શકોની એક શાખા કે જે ક્ષૃહરથ ક્ષત્રપો તરીકે ઇતિહાસમાં ઓળખાય છે. તેનો સૌરાષ્ટ્ર ઉપર અધિકાર હતો તેમ અનેક પ્રમાણોથી જાણી શકાય છે.(૫)

**★ પૂર્વ ઇતિહાસ :**

શકોના પૂર્વ ઇતિહાસ માટે આપણે ચીની ઇતિહાસકારોનો આશરો લેવો પડે છે. તેઓ લખે કે "જ્યારે હી યુંગ-નુ એ ટા-યુ-ચી જીતી લીધુ ત્યારે ટા-યુ-ચી પ્રજા પશ્ચિમમાં ગઇ અને તા-હીઆ સ્વાધીન કર્યું તેથી ત્યાંના સાઇવાંગે દક્ષિણમાં જઇ હીપીનમાં એક રાજ્ય સ્થાપ્યું. સાઇ વાંગનો અર્થ સ્ટેનેકોનોવ નામના વિદ્વાને શક મુરૂન્દ કર્યો છે. તેની માન્યતા પ્રમાણે મુરૂન્દ એટલે સ્વામી અને શક મુરૂન્દ કે સ્વામી કહેવાતાં."

ગ્રીક લેખકો અનુસાર શકો સિરદરયા નદીની પેલે પાર આવેલા સિથિયા (શકદ્રપ) માં રહેતાં. ત્યાંથી ઉત્તર ચીનમાં યુ-ચી-નામક પર્વત સમીપ રહેવા ગયાં. આ પર્વત જ્વાલામુખી થતા શકો ત્યાંથી સ્થળાંતર કરી અન્ય પ્રદેશમાં ગયાં અને તે પ્રદેશને પોતાના નામ ઉપરથી શકસ્થાન નામ આપ્યું. 'સિથિયા' આ શકસ્થાન અંતર્ગત હતું અને અરીથ્રીયન સમુદ્રમાં પડતી નદીઓમાં માટી નદી સિન્થસ તેમાં થઇને વહેતી. (૬)

શ્રી શંભુપ્રસાદ દેસાઇ 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' માં નોંધે છે કે ઇરાનમાં પાર્થીયન (પહલવ) સમ્રાટોનું શકોએ આધિપત્ય સ્વીકાર્યું અને શકો તેમના પ્રદેશોમાં સત્રપો વા ક્ષત્રપોનાં હોદ્દાઓ ધારણ કરી રાજ્ય કરતાં રહ્યા. શકોએ મીડીઝ જીતી લીધુ અને ઇજિપ્તનાં સમ્રાટ સેસોટ્રીયસનાં સમયમાં તેમણે એક વીર અને લડાયક જાતિ તરીકે નામનાં મેળવી. ઇરાનનાં સમ્રાટ દારા-વા દેરીયસનાં સમયમાં શક જાતિ તેની વીરતા સભ્યતા અને સંસ્કૃતિ માટે પ્રસિદ્ધ થઇ.

એલેક્ઝાંડરે ભારત પર ચડાઇ કરી ત્યારે શકો તેના સૈન્યમાં રહી લડેલાં તેવો ઉલ્લેખ 'એરીયન અને બેસીસચિનોક' આવૃત્તિમાં મળે છે. શક જાતિએ કાબુલ નદીનાં તીર પ્રદેશ ઉપર કીપીનને પાટનગર બનાવીને પૂર્વમાં યમુના નદી સુધીનો અને દક્ષિણમાં ગોદાવરી નદી સુધીનો પ્રદેશ હસ્તગત કરી લીધો. મથુરાના મિત્ર રાજાઓ તથા પૈઠણનાં સાત વાહન રાજાઓની સત્તા નિર્મુળ કરી. તેમનાં વિશે એવી પણ માન્યતાં છે કે પાર્થીઅન સમ્રાટ મીયરાડેટીસ પહેલાએ

(ઇ.સ.પૂર્વે ૧૭૪-૧૩૬) પંજાબ ઉપર ચડાઇ કરી ત્યારે તેમના સૈન્યમાં ભારત આવેલા. (સૌરાષ્ટ્રનો ઇતિહાસ પૃ.૭૬).

આ ઉપરાંત 'મહેર જવામર્દી' ભાગ-૪ ના લેખક શ્રી ભરતભાઇ બાપોદરા જણાવે છે કે 'જ્યોગ્રોફીકલ ડીક્ષનરી ઓફ એન્શ્યન્ટ એન્ડ મીડીવલ ઇન્ડિયા' માં નદલાલ કહે છે ટોલોમી શક લોકોના જે સ્થાનોનાં વર્ણનો આપે છે તે ભારતનાં સ્થાનોનાં વર્ણનને હુબહૂ મળતાં આવે છે. "આ સ્થાનોના વર્ણનો અને મેડ લોકોનાં સ્થાનોના વર્ણનો પણ અતિ સામ્ય ધરાવે છે. (પૃ.૩૦) આમ, તેઓ આગળ જણાવે છે કે સંભવ છે આ શક લોકો સિંધુ કિનારો છોડીને ઉત્તરમાં ગયાં હોય અને મધ્ય એશિયામાં સ્થિર થયા હોય, આ બાબતને પણ સંપૂર્ણ સમર્થન મળે છે. પ્રખ્યાત ઇતિહાસકાર ડૉ. વિલ્સન મેર પ્રજાનાં મૂળ વતન તરીકે મધ્ય એશિયાને ગણાવે છે. તેઓ લખે છે કે આ પ્રજા મધ્ય એશિયાથી પંજાબ, રાજસ્થાન (રજપૂતાના) કાઠિયાવાડ એમ સ્થળાંતર કરતી કરતી બરડામાં આવીને સ્થિર થઇ છે."(૭)

### ★ શકની ક્ષત્રપ શાખામાં મેરનો અણસારો

ઇ.સ.૧૩૦ ની આજુબાજુ આધ્ર સમ્રાટ ગૌતમી પુત્ર સાતકરણીએ નાહપાનને હરાવીને ગાદી હાસલ કરી એ સમયે શકની ક્ષત્રપશાખા આગળ આવી. એમાં ચસ્ટન નામનો પરાક્રમી પુરુષ હતો. એણે સાતકરણી પાસેથી પુનઃસત્તા હાંસલ કરી. આ ઉલ્લેખ શંભુપ્રસાદ દેસાઇ એ આ રીતે કર્યો છે. "ઇ.સ.૧૩૦ માં શક સરદાર યસ મોતીકા કે સ્યામોતીકાનો પુત્ર ચસ્ટન ગૌતમી પુત્ર સાથે યુદ્ધે ચડ્યો અને તેને હરાવી તેણે જીતેલા શકોના પ્રદેશો પુનઃહસ્તગત કર્યો. તેણે તેની રાજધાની ઉજ્જૈનમાં કરી અને સ્વતંત્ર શાસક તરીકે પોતાના નામના સિક્કા પડાવ્યા." (૮)

આ ક્ષત્રપોને ગુપ્ત ઇતિહાસમાં 'મુરૂન્ડ' કહ્યો છે. 'ક્ષત્રપ' શબ્દ માટે શંભુપ્રસાદ દેસાઇ સૌરાષ્ટ્રનો ઇતિહાસ પુસ્તકનાં પેજ નંબર-૭૩ ની પાદટીપમાં આ રીતે નોંધે છે.

"ઇરાનનાં સામ્રાજ્યમાં સુબાઓને સત્રપ કે ક્ષત્રપ કહેતાં. શક સ્થાનનાં રાજ્યકર્તાઓ પણ ક્ષત્રપ કહેવાતા. શકો જ્યારે ભારતમાં આવ્યા અને તેમણે સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં ત્યારે ઇરાનનાં સમ્રાટની બીકે કે વિવેક ખાતર તેમણે મહારાજા કે રાજાની પદવી ધારણ ન કરતાં

ક્ષત્રમનું પદ ચાલું રાખ્યું. ક્ષત્રપનો અર્થ ક્ષેત્રપાળ જેવો થાય છે. એક શિલાલેખમાં 'ક્ષત્રપાલન' શબ્દ વાપર્યો છે. તેનો અર્થ રાજ્યનો રક્ષક થાય એવું અનુમાન વિદ્વાનોએ કર્યું છે. શ્રી રાય ચૌધરી સત્રપનો અર્થ ગ્રીક શબ્દમાં સ્ટ્રેટ ગોસ ઉપરથી 'સેનાપતિ' એવો કરે છે. ક્ષત્રપો ભારતમાં આવ્યાં પછી સત્રપાલ પણ કહેવાતા. ક્ષત્રપ શબ્દ શકોનો પ્રિય શબ્દ હતો અને ભારતમાં આવ્યાં પછી પણ તેમણે તે ઉપાધિ ચાલુ રાખી હતી."

આ ક્ષત્રપોને 'મુરૂન્ડ' કહ્યાં. આપણે આગળ જોઇ ગયાં તેમ સ્ટેન કોનાવનાં મત મુજબ મુરૂન્ડ એટલે સ્વામી ક્ષત્રપોનું એક બિરૂદ 'સ્વામી' હતું. ગુજરાત ગેઝેટીયરે આપેલો મેરનો 'મુખી' અર્થ સ્વામી સાથે સામ્ય ધરાવે છે.

### ★ પંજાબમાં આગમન

ઇલિયટ માને છે કે મેર લોકો મધ્ય એશિયામાંથી લાહોરમાં આવીને વસ્યા હતાં તે મેર લોકોને લાહોરનાં સ્વામીઓ તરીકે ઓળખાવે છે. એના આધારમાં અલ બીરૂનીને ટાંકીને કહે છે, લાહોર કે લોહા વગરનું નામ મેરુકુર, મેડુકુર કે મંડુકુર પાડનારા મેરો હતા. લાહોરથી બાર માઇલ દૂર મંઢીવાલા ગામ છે. તે જ આ મેડુકુર કે મેરુકર હોવું જોઇએ. ગોગરા જિલ્લામાં મીરથરા નામનું બીજું ગામ છે તે પણ મેડુકર હોઇ શકે. પંજાબમાં મેરા, મેરયાળી નામનાં ગામો છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે મેર લોકો પુનઃ સિઘમાં આવ્યાં પહેલાં પંજાબમાં વસતાં હતાં. આ વાતને શ્રી પૂજ્ય માલદેવ બાપુના વિધાનથી પુષ્ટિ મળે છે તેઓ લખે છે

गुणतो हार देनेवाला पंजाब से आया हुआ मिहिर गुंल के नाम परसे और इसके समय पर से यह हो सकता है वह मेहर कौम का था । महेर लोग उन लोगों के साथ मील गये होंगे और उन्होंने साथ आकर काठयावाड की और गया होगा मालूम होता है।

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય અમદાવાદ

### ★ અન્ય સ્થાપેલા સંસ્થાનો

લગભગ બધા જ ઇતિહાસકારો એ વાત સાથે સહમત થાય છે કે મેર પ્રજા પંજાબમાં થઇને જ્યારે સૌરાષ્ટ્રમાં ઉતરી આવી હશે. ત્યારે જ્યાં-જ્યાં નિવાસ કર્યો હશે ત્યાં-ત્યાં તેમણે સંસ્થાનો સ્થાપ્યાં હશે. અજમેર, જેસલમેર, કોકલમેર આદી સંસ્થાનો અજો, જેસો, કોકલ અને

બડો આદી મહેર રાજાઓ કે સેનાપતિઓએ સ્થાપ્યાં હશે તે વાતને પૂજ્ય શ્રી માલદેવ રાણાના કથનનો આધાર મળે છે.

महेर कौम उत्तर से आयी है और पश्चिम राजपूताना से गुजरात मे धारिवल हुए १ उनको सेनापति जसलो अजो बद् और कोमल के नाम से अजमेर, बडमेर, कोकल मेर नाम हुए हौं । महेर लोको का एक अंश सिंघु नदी के किनारे से मारवाड में जाकर बसा था कौई ऐसा अनुमान लगाता है कि मेरवाड के अपभंश मारवाड है ।

**★ મૈત્રક**

આ મૈત્રકો સૌરાષ્ટ્રમાં ક્યારે આવ્યા તેની ચોક્કસ માહિતી મળતી નથી. ભટ્ટાર્ક સેનાપતિ મૈત્રક કુળનો હતો. હ.બો.ગ્રંથમાં ઇ.સ.૫૧૪ માં ભટ્ટટાર્કે વલ્લભી રાજ્યની સ્થાપના કરી હોવાનું જાણવા મળે છે. પણ વલ્લભી ઇતિહાસ પ્રમાણે તે ઇ.સ.૪૭૭માં ગાદીએ આવ્યો તેવું જણાય છે. તે પરથી જણાઇ આવે છે કે આ મૈત્રકો ઇ.સ.૪૭૭ પહેલાના સમયથી ભારતમાં આવ્યાં હશે.

તેનાં વિશે વિવિધ અનુમાનો શ્રી શંભુપ્રસાદ દેસાઇ બતાવે છે અને તેનાં પ્રમાણો ન મળતાં માત્ર અનુમાનની કક્ષાએ રહી જાય છે. એક મંતવ્ય પ્રમાણે આ લોકો હુણો સાથે મધ્ય એશિયામાંથી ભારત આવ્યા અને ગુપ્ત સામ્રાજ્યનાં પતન કાળે તેમણે સૌરાષ્ટ્રમાં સ્વતંત્ર અધિકાર પ્રાપ્ત કર્યો. બીજું મંતવ્ય એવું છે કે ભટ્ટાર્ક ગુર્જર હતો અને જેમ લાટ વગેરે પ્રદેશોમાં ગુર્જરો સ્થિર થયા તેમ તેણે સૌરાષ્ટ્રમાં સ્થિર થઇ એક રાજ્યની સ્થાપના કરી. પણ આ બંને મંતવ્યો અનુમાનની ભૂમિકા ઉપર રચાયેલા છે. બૌદ્ધ ધર્મનાં મહાયાન સંપ્રદાયનાં સંસ્કૃત ગ્રંથમાં આર્ય મંજુ શ્રી મૂલકલ્પમાં જણાવ્યું છે કે મૈત્રકો યદુકુળમાંથી ઉતરી આવેલાં છે. આ બધી બાબતોનું ખંડન કરતા શ્રી શંભુપ્રસાદ દેસાઇ આગળ લખે છે કે "આ વિષયમાં વલ્લભીના તામ્રપત્રોનો અભ્યાસ કરતા જણાય છે કે મૈત્રકો હુણ ન હતાં. તેઓ શુદ્ર આર્યો હતાં અને બ્રાહ્મણ ધર્મને અનુસરતાં હતાં તેઓ ગુર્જર હતા કે નહીં તે સ્પષ્ટ થતું નથી. કારણ કે તેમણે 'ગુર્જર' કે તે સંજ્ઞાને પ્રદર્શિત કરે એવી કોઇ ઉપાધિ, બિરુદ કે પદવી, ગ્રહણ કરી હોવાનું જણાતું નથી. મૈત્રક યદુવંશી હતાં તે માત્ર આર્ય મંજુશ્રી મૂલકલ્પ કહે છે અને તેમાં પણ તે

દ્વારકનાં વિનાશની વાર્તા સાથે આખા વિષયને સેળભેળ કરી નાખી માત્ર વારવત્યો યદુવંશી હતાં અને શિલાદિત્ય પણ તેજ વંશનો હતો, એટલું કહી વલ્લભીને દ્વારકાનું રૂપ આપી શીલાદિત્ય શ્રીકૃષ્ણનો વંશજ અને અનુગામી હોય તેવું વિધાન કરે છે. તેની પાસે કોઇ સ્પષ્ટ પ્રમાણ નથી. યાદવો સોમવંશી હતાં. જ્યારે મૈત્રકો સૂર્યવંશી હતાં તે નિર્વિવાદ છે એટલે મૈત્રકો યદુવંશી હોવાનું સંભવતું નથી.''

એક મંતવ્ય એવું પણ છે કે હુણ સરદાર મિહિર ગુલ તેજ મૈત્રક. મિહિરનો અર્થ સૂર્ય થાય છે અને મિત્રનો અર્થપણ સૂર્ય થાય છે. પરંતુ મિહિરગુલ માળવાનાં રાજા યશોધર્મ અને મગધનાં રાજા બાલાદિત્ય વા નરસિંહ ગુપ્તનાં હાથે ઇ.સ.૫૩૨ માં માર્યો ગયો. તે પહેલા ભટ્ટાર્ક વલ્લભીમાં સ્થિર થયો હતો. ભટ્ટર્ક શુદ્ધ આર્ય હતો. અને બ્રાહ્મણ ધર્મને અનુસરતો. તેથી તે હુણ હોવાનો પણ કોઇ સંભવ નથી.(૧૧)

આ ઉપર્યુક્ત બાબતો જોતા જણાય છે કે મૈત્રકો આર્ય હતા. શંભુપ્રસાદ દેસાઇ સૌરાષ્ટ્રનો ઇતિહાસમાં પૃ.૩૯માં સ્પષ્ટ લખે છે કે આર્યો સૂર્યપૂજક હતા. તથા મહેર કોમ જેમાંથી ઉતરી આવી છે તે વંશજો પણ સૂર્ય ઉપાસક હતાં. આ પણ એક સામ્ય છે. આ બાબતે વિશેષ પ્રકાશ પાડતાં શ્રી ભરતભાઇ બાપોદરા લખે છે કે ''ગુપ્ત સામ્રાજ્યનાં સેનાપતિ ભટ્ટાર્ક હતાં. બુહ્દગુપ્તનાં સમયમાં એણે સૌરાષ્ટ્રમાં સ્વતંત્ર શાસન સ્થાપ્યું હતું. ઇતિહાસકારો ભાટ્ટાર્ક ને 'મૈત્રક' તરીકે ઓળખાવે છે. આ બાબત શક, મંદ, મૈત્રક, મેર વગેરે એક હોવાનું પ્રતિપાદન કરે છે. કેટલાક વિદ્વાનો માને છે કે મૈત્રકો હુણ લોકોની સાથે આવ્યાં હતાં. હુણ લોકો પણ મધ્ય એશિયામાં નિવાસ કરતાં. કેટલાક વિધાનો ભટ્ટાર્કને ગુર્જર માને છે. એમાં કશું ખોટું નથી. ભટ્ટાર્ક વલ્લભીની સ્થાપના કરી એ પહેલા એ ગુર્જર તરીકે ઓળખાતો પણ હોય. આ લોકો શક, ગુર્જર, મૈત્રક, મિહિર, મેર-એ ક્રમે ઓળખાતાં આવ્યા હશે. એનો એક પુરાવો આ પણ છે. ભટ્ટાર્કની દોહીત્રી દુદાએ બૌધધર્મની દીક્ષા લીધી ત્યારે તેનાં મામા ધ્રુવસેને વલ્લભીપુરમાં તેનાં માટે મઠ બંધાવી આપ્યો હતો. દુદાએ ત્યાં એક ગામડું વસાવેલું, વર્તમાન દુદાસર કે ડુડંસ તરીકે ઓળખાતા એ ગામડાની બાજુમાં લસુડી અને કતપુર નામનાં ગામડા છે. જૂના સમયમાં એ ગામડાઓમાંથી શક અને વલ્લભી સમયનાં સિક્કાઓ મળી આવ્યાનું વોટસન

આદિ ઇતિહાસકારો લખે છે. એ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે વલ્લભીવંશનાં રાજાઓએ પહેલા પોતાને શક તરીકે ત્યારબાદ ગુર્જર તરીકે અને પછી મૈત્રક તરીકે ઓળખાવ્યાં હશે."(૧૨)

મૈત્રક સેનાપતિ ભટ્ટાર્કનાં સમયને ધ્યાનમાં લેતાં મૈત્રક વંશ આશરે ઇ.સ.૪૭૭-૪૮૦ થી માંડીને મૈત્રક વંશ કે ભટ્ટાર્કનાં છેલ્લા અનુગામી શિલાદિત્ય સાતમાંના સમય ઇ.સ.૭૬૫-૭૭૦ અને વલ્લભીનાં વિનાશના સમય ઇ.સ.૭૭૦ સુધી ગણીએ તો ૩૦૦ વર્ષ રાજ્યશાસન ભોગવ્યું ગણી શકાય. આ રાજ્યનાં નેવું કરતાં વધારે તામ્રપત્રો પણ ફાર્બસ સભાનાં ભંડારમાં મળે છે. વલ્લભીપુરનાં લેખક, અધ્યાપક કેશવલાલ હી. કાહદાર કહે છે કે મૈત્રકો વલ્લભી દાનપત્રોમાં પરમ માહેશ્વર તરીકે પ્રસિદ્ધ થયા છે. આ ઉપરાંત સંવત ૬૯૭ માં પંજાબમાં રજપૂતાનામાં ગુર્જર રાજાઓનું રાજ્ય હતું. તથા તેની રાજધાની ભીન્નમાલ (મારવાડ)માં હતી તેવો ઉલ્લેખ 'ભારતયાત્ર' નાં લેખક હ્યું એન સંગનાં આ પુસ્તકમાં મળે છે.

ગુર્જર અને મૈત્રક વંશ બંને એક જ છે. શક-ગુર્જર-મૈત્રક એમ સમયાંતરે પાઠભેદથી અથવા સ્થળાંતર સાથે નામો બદલાયા હશે. આ ગુર્જર વંશ વિશે 'રાજસ્થાનની જાતિઓ' નામનાં પુસ્તકમાં આ પ્રમાણે માહિતી આપેલી છે. "સાતમાંથી નવમી શતાબ્દી સુધી મારવાડમાં એનું રાજ્ય હતું. ડિડવાણ પરગણાનાં શિવા અને કાલીજર (બુંદેલખડ)ના શિલાલેખ જે છે એજ એનું પ્રમાણ છે. અગીયારમી શતાબ્દીમાં અલ્વર પ્રદેશ ઉપર પણ એનું જ રાજ્ય હતું. તેની રાજધાનીનું શહેર રાજોરગઢ હતું. કેટલાક ઇતિહાસકારોનો એવો જ મત છે કે આ ગુર્જર વંશ પ્રથમ રશિયા અને તુર્કસ્તાનની સીમા ઉપર રહેતી હતી. જે સ્થાન હજુ પણ ગુર્જરી સ્થાનનાં નામથી પ્રખ્યાત છે. ત્યાંથી આ ગુર્જરવંશી પંજાબમાં આવ્યાં અને ત્યાંથી ગુજરાવાલા અને ગુર્જરનગર વસાવ્યાં. ત્યારબાદ ક્ષત્રિયોને હરાવીને સૌરાષ્ટ્ર સુધી પોતાનો અધિકાર જમાવ્યો. ગુર્જર એ નામ ઉપરથી ગુજરાત નામ પ્રસિદ્ધ થયેલું છે. પછી તો ઘણા ક્ષત્રિયો આ ગુર્જરવંશમાં ભળી ગયાં છે."(૧૩)

મૈત્રક વંશ વિશે "મહેર જવાં મર્દ" નાં લેખકશ્રી માલદેવ કેશવાલા પૃ.૫,૭,૮,૯ માં વિવિધ અંગ્રેજ સંશોધકોનાં વિવિધ મંતવ્યો આ પ્રમાણે આપે છે.

"In the history of Bavanor (Rajasthan) on page 18th Mer Caste is considered as western kashtriya and the names mers or mihirs are on the old shilalekhs. Their native place is merwada and also know as meravat."

By Pandit Bhagwanlal

"Maitrak is considered maher caste and this mer-community is also living in Kathiawad and this caste is also very strong and energetic. There are four Principal Shakhas or mer-maher viz 1, Keshwala (Kuthchvaha) 2, Sisodiya (Gohil), 3 Khunti (Rajshakha), 4. Sumra (Jadeja Yaduvanshi) moreover there are other elven shakhas viz Parmar, Chauhan, Vaghela, Vadher, Solanki, Vala, Chudasama and Bhatti and the Keshwala is considered as a main shakha in all of the above shakah"

By Kaviraj Sheikher

"Maitrak (Maher-Mer) who have surrendered many of their great enemeir (kingh) and their fame were very extensive and really wellnown at that tiem maitrak (maher) means Surya (Sun) and this maitrak (mer) vansh.

The king of Vallbhvansh and the kind Gurjarvansh were both of one and the same vansh, maitrak Gurjar, Mihir, Maher, Mer, are in this way one and the same vansh"

By Gujarat's Prachin History,
Ray Bahadur Govindbhai hathibhai

આ ઉપર્યુક્ત સંશોધનકારોનાં સંશોધન પરથી સ્પષ્ટ કહી શકાય છે કે મૈત્રક, મિહિર અને મહેર-મેર એ એક જ જાતિનાં વિવિધ સમયનાં નામો છે. તથા આ જાતિ વલ્લભીનાં સ્થાપક ભટ્ટાર્કનાં વંશજો છે. તેમાં શંકાને સ્થાન નથી.

**★ મહેર કોણ છે? ક્યાંથી આવ્યાં ?**

**લેખ : (ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન અગિયારમું તા.૩૧-૧૨-૧૯૯૩, લાઠી, સૌરાષ્ટ્ર)**

ગુપ્ત વંશનાં રાજાઓનું અધપતન થવા પ્રસંગે મિહિર જાતિનો લેખ છે. રાજા બુદ્ધ ગુપ્ત રાજ્ય ચલાવવામાં અશક્ત હતો. રાજતંત્ર શિથિલ હતું. આ અરસામાં પ્રાણવાન અને શૂરવીર પ્રજાએ હુમલો કરીને સૌરાષ્ટ્રમાંથી ગુપ્ત વંશનાં રાજાને ફગાવી દીધો. અને પોતાનાં હાથમાં રાજતંત્ર લઈ લીધું જણાય છે. આ વીર્યવાન અને શુરવીર પ્રજા તે વલ્લભીપુરનાં તામ્રપત્રમાં

લખેલ સૌરાષ્ટ્રવાસી થયેલ મૈત્રક (મિહિર) મંડળ હોવું જોઇએ. આ મૈત્રક જાત તે મિહિર (મેર) હોવી જોઇએ. મૈત્રક અને મિહિરનો અર્થ સુર્ય થાય છે. મહેર પ્રજા પણ સૂર્ય પૂજક છે. બરડામાં સૂર્યમંદિરો છે. આ મંદિરો મહેર પ્રજાએ સ્થાપેલા છે.

ઇ.સ.૪૬૦નાં અરસા પછી મહેર પ્રજા સૌરાષ્ટ્રમાં આવી રહેવા લાગી જણાય છે. મહેર પ્રજા અઢળક શક્તિ ધરાવતી હતી. જો એમ ન હોય તો આ મૈત્રક મંડળનો વલ્લભપુરનાં તામ્રલેખમાં મૈત્રક સંભવે નહી. મહેરોની સ્વતંત્ર સત્તા હોવી જોઇએ. મહેર લોકોએ સૌરાષ્ટ્રનાં રાજ્યો સર (તાબે) કર્યાં. ઇ.સ.૭૭૦ રાજ્યનો વિસ્તાર થવાથી.[૧૪]

મહેરો ક્યાંથી આવ્યા તે વિશે 'મહેર જવામર્દ' નાં સંપાદક-લેખક શ્રી માલદેવ રાણા કેશવાલા તેનાં પુસ્તકમાં સંદર્ભ ટાંકતા લખે છે કે

"In A.D.667 Gurjar Kashtriya (Maher Vansh) was ruler in Punjab, Rajputana and the capital was (Bhinmal) in East Marwad for seven to nine century and the Shilalekhs were found to prove the above thing there they were also ruler in Alwar region and Rajorgath was their capital. In fact, this caste was Suryavanshi Kshtriya and was known as mihir, maher or mer"

From the volume of founding of Rajasthanic caste - by : Rameshchandra.
Gunarthi, Dist : Saver, (Ajmer)

### ★ મૈત્રક સેનાપતિ ભટ્ટાર્ક :-

ગુપ્ત સામ્રાજ્યનાં સેનાપતિ ભટ્ટાર્ક હતાં. તથા તેણે બુદ્દગુપ્તનાં સમયમાં સૌરાષ્ટ્રમાં સારી એવી સત્તા જમાવી હતી. ઇતિહાસકારો આ ભટ્ટાર્કને "મૈત્રક" તરીકે ઓળખાવે છે. આ રીતે જોઇએ તો મૈત્રકમાંથી મિહિર અને મિહિરમાંથી મહેર થયેલું હોય તો આ ભટ્ટાર્ક પણ મેર હોવાનો અણસાર મળે છે એમ માની શકાય. તેની દંતકથા એવી છે કે સૂર્ય તેના પુત્ર રેવતને વરદાન આપ્યું હતું કે તું આજ્ઞાપુત્ર છે માટે લોક વિશે ભટ્ટાર્ક નામે તું પ્રખ્યાત થઇશ અને પ્રજામાં પૂજાપાત્ર બનીશ. આ સિવાય કર્નલ ટોડ "રાજસ્થાનનો ઇતિહાસ" પુસ્તકમાં લખે છે :-

"કનક સેન પછી તેની ચોથી પેઢીએ વિજયસેન (આમેરનાં રાજા ગયાસિંહેનો શેરખા લખ્યો છે.) નામનો એક રાજા થયો હતો, એમ કહેવાય છે કે આ વિજયસેને જ વિજયપુરની સ્થાપના કરી હતી. ઘણા લોકો એવું માને છે કે સૌરાષ્ટ્રનાં ઉત્તર ભાગમાં વિજયપુરની સ્થાપના

થઇ હતી. કાળે કરીને આ નગર ઉજ્જડ થઇ ગયું આ નગરનાં ખંડીઅરો પર વર્તમાન ધોળકા નગરી સ્થાપિત થઇ છે. ભટ્ટ લોકોનાં ગ્રંથ પરથી વિદિત થાય છે કે મહારાજા વિજયસેને વલ્લભીપુર અને વિદર્ભ નામની બીજી પણ બે નગરીઓ વસાવી હતી."(૧૫)

કર્નલ ટોડનાં આ પુસ્તકનો સંદર્ભ આપતા શ્રી શંભુપ્રસાદ દેસાઇ લખે છે "ઇ.સ.૧૪૪ લગભગ અયોધ્યામાં રાજ કરતાં કનકસેન પરમારે સ્વસ્થાન તજી ગુજરાતનાં વર્તમાન ધોળકા વા વિરાટપુરમાં રાજધાની કરી. કોઇ કાળે ત્યાંથી તેણે વડનગર ગાદી ફેરવી. ત્યાં તેમનાં વંશમાં સુદેત મહામદ થયો તેનો સુદેત અને તેનો વિજયસેન થયો. આ વિજયસેન એ જ ભટ્ટાર્ક. શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝા આ કથનને કર્નલન કલ્પના કહે છે. કારણ કે ઇ.સ.૧૪૪માં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મહાક્ષત્રપો હતાં અને કનકસેન તેની સામે ટકરાયાં સિવાય ગુજરાતમાં પ્રવેશ કરી શકે નહીં. ક્ષત્રપોના ઇતિહાસમાં આ પણ કનકસેનની વિજયયાત્રાનો કોઇ ઉલ્લેખ નથી. શ્રી ઓઝાનો તર્ક પણ સિદ્ધ નથી. મહાક્ષત્રપ હોય તો કનકસેન ન આવે તેમ માની શકાય નહીં. તેણે મહાક્ષત્રપોનું આધિપત્ય પણ સ્વીકાર્યું હોય અથવા તેના અધિકારને મહાક્ષત્રપોએ પડકાર્યો ન હોય. કનકસેન સૂર્યવંશી હતો અને તેથી તેના વંશજ વિજયસેન ભટ્ટાર્ક પદવી ધારણ કરી હોય."(૧૬)

આ રીતે ભટ્ટાર્ક પણ સૂર્યવંશી હતો. તેણે સ્વ પરાક્રમે ભાગ્ય બળથી એક મહાન સામ્રાજ્યની સ્થાપના કરી હશે. ગુપ્તવંશની સ્વામી ભક્તિ કે અન્ય કારણોસર તેમણે મહારાજની પદવી ધારણ નહીં કરી હોય. ભટ્ટાર્કનો સમય ઇ.સ.૪૭૭ થી શરૂ કરીને તે ઇ.સ.૪૯૫ આસપાસ મૃત્યુ પામ્યો હશે.

## ★ વલ્લભીવિનાશઃ-

આપણે આગળ જોયું તેમ કર્નલ ટોડ તથા શંભુપ્રસાદ દેસાઇ બંનેના મતે એ સ્થાપિત થાય છે કે વલ્લભીની સ્થાપના કરનાર અથવા કનકસેનનાં વંશજ વિજયસેન હતા અને વલ્લભીએ આ વિજયસેનનું પાટનગર હતું. બીજી બાજુ વલ્લભીપુર નામ શાથી પડ્યું તેના વિશે પણ માહિતી મળી નથી. કદાચ ગુપ્ત રાજાઓ કે ભટ્ટાર્કનાં પુરોગામી રાજાઓની કોઇ રાણી અથવા કુંવરીનું નામ વલ્લભી હોય અને તેની યાદમાં આ નગર વસાવ્યું હોય. આ વલ્લભીની સ્થાપના સમય

ભટ્ટાર્કનાં સમયથી લઇ શકાય અથવા તેની આજુબાજુનાં સમયને ગણાવીએ તો આશરે પાંચમી સદીને ગણાવી શકાય. જ્યારે તેનો વિનાશ ઇ.સ.૯૯૦માં થયો હોવાનું મનાય છે. જો વલ્લભીનાં સ્થાપના સમયને ભટ્ટાર્કનાં સમય સાથે ગણીએ તો ઇ.સ.૪૭૭ માં સ્થપાયેલું વલ્લભી ઇ.સ.૯૯૦ માં ધ્વંશ થયું હોય તો ત્યારે તેનું આયુષ્ય ૨૯૩ વર્ષનું ગણી શકાય.

વલ્લભીની ગાદી ઉપર જે જે રાજાઓ આવ્યાં તેની માહિતી 'મહેર જવામર્દ' માં આ પ્રમાણે આપેલી છે. તેમાં લગભગ એકવીસ જેટલા રાજાઓએ શાસન કર્યું તે આ પ્રમાણે છે.

(૧) ભટ્ટાર્ક ઇ.સ.૪૭૭ - ઇ.સ.૪૯૫
(૨) ધરમસેન ૧ લો ઇ.સ.૪૯૫ - ઇ.સ.૪૯૯
(૩) દ્રોણસિંહ ઇ.સ.૪૯૯ - ઇ.સ.૫૧૯
(૪) ધૃવસેન ૧ લો ઇ.સ.૫૧૯ - ઇ.સ.૫૪૯
(૫) ધરપત ઇ.સ.૫૪૯ - ઇ.સ.૫૫૪
(૬) ગૃહસેન ઇ.સ.૫૫૪ - ઇ.સ.૫૬૯
(૭) ધરમસેન ૨જો ઇ.સ.૫૬૯ - ઇ.સ.૫૯૯
(૮) શિલાદિત્ય ૧લો ઇ.સ.૫૯૯ - ઇ.સ.૬૧૪
(૯) ખરગ્રહ ૧ લોનો ધરમસેન ત્રીજો ઇ.સ.૬૧૯ - ઇ.સ.૬૨૭
(૧૦) ખરગ્રહ ૧લાનો ધરમસેન ત્રીજો ઇ.સ.૬૧૯ - ઇ.સ.૬૨૭
(૧૧) ધૃવસેન બીજો ઇ.સ.૬૨૭ - ઇ.સ.૬૪૨
(૧૨) ધૃવસેન બીજાનો ધરમસેન ૪થો ઇ.સ. ૬૪૨ - ઇ.સ.૬૫૦
(૧૩) શિલાદિત્ય બીજાનો ધૃવસેન ૩જો ઇ.સ.૬૫૦ - ઇ.સ.૬૫૪.
(૧૪) ખરગ્રહ બીજો ઇ.સ.૬૫૪ - ઇ.સ.૬૫૯
(૧૫) શિલાદિત્ય બીજો ઇ.સ.૬૫૯ - ઇ.સ.૬૫૯
(૧૬) શિલાદિત્ય બીજાનો શિલાદિત્ય ત્રીજો ઇ.સ.૬૬૯ - ઇ.સ.૬૮૯
(૧૭) શિલાદિત્ય ચોથો ઇ.સ.૬૮૯ - ઇ.સ.૭૦૯
(૧૮) શિલાદિત્ય પાંચમો ઇ.સ.૭૦૯ - ઇ.સ.૭૩૯
(૧૯) શિલાદિત્ય છઠ્ઠો ઇ.સ.૭૬૫ - ઇ.સ.૭૬૫

(૨૦) શિલાદિત્ય સાતમો ઇ.સ.૭૬૫ - ઇ.સ.૭૭૦[૧૭]

અહીં શિલાદિત્ય બીજામાં ગાદી રાજ્ય સમય ઇ.સ.૬૫૯-૬૫૯ એક જ વર્ષ બતાવે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે તે ફરી પાછો ગાદી ઉપર આવ્યો હશે? જ્યારે 'સૌરાષ્ટ્રના ઇતિહાસ' પુસ્તકમાં શ્રી શંભુપ્રસાદ દેસાઇ તેના સમય ઇ.સ.૬૫૯ થી પછીનાં સમય માટે પ્રશ્નાર્થ ચિહ્ન દર્શાવે છે. તેમાં દર્શાવ્યું છે કે ખરગ્રહનાં મૃત્યુ પછી તેનો સહુથી આમ, મધ્ય એશિયામાંથી અન્ય જાતિઓની સાથે આ મૈત્રક વંશ પણ આવ્યો હશે તથા સિંધુ, કચ્છ અને પાછળથી સૌરાષ્ટ્રમાં આવીને વસી ગયો હશે.

વલ્લભીનાં વિનાશ વિશે પણ વિવિધ મત પ્રવર્તે છે. શ્રી કર્નલ ટોડ લખે છે "કઇ વિદેશી જાતિએ વલ્લભીપુરનો વિધ્વંસ કર્યો હતો તે કહેવું કઠિન છે. એ લોકો પુરાણમાં જણાવેલાં શાક્યદ્વિપમાં રહેતા હોવા જોઇએ. પરંતુ કોઇપણ ઇતિહાસવિદ તેઓ કઇ જાતિના હતાં તે નિશ્ચર્યપૂર્વક કહી શકતાં નથી. પ્રાચીન ઐતિહાસિક ગ્રંથો વાંચવાથી જ્ઞાત થાય છે કે ઇસ્વીસનની બીજી શતાબ્દીમાં સિંધુ નદીનાં કિનારા પર વસેલાં શ્યામનગરમાં થોડાક પારદ લોકો રહેતા હતાં. આ લોકોએ વલ્લભીપુર પર આક્રમણ કર્યું હોય એવો સંભવ જણાય છે."[૧૮]

તો વળી આજ લેખક પોતાનાં પુસ્તકમાં પૃષ્ઠ-૬૫૯ ઉપર લખે છે કે છઠ્ઠી શતાબ્દીમાં પર્શિયન આક્રમણકારીઓએ અંતિમ રાજા શિલાદિત્યનો વધ કરી તેનાં કુટુંબને ત્યાંથી હાંકી કાઢ્યું હતું. જ્યારે ગૌ.હી.ઓઝા જણાવે છે કે વલ્લભીપુરનો નાશ ઇ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં પાર્થિયન આક્રમણાકારીઓ દ્વારા નહી, પણ ઇ.સ.ની આઠમી શતાબ્દીનાં ઉતરાર્ધમાં સિંધના આરબો દ્વારા થયો હતો. વલ્લભીનાં અંતિમ રાજા શિલાદિત્ય છઠ્ઠાનું એક દાનપત્ર વલ્લભી (ગુપ્ત) સંવત ૪૩૭ (ઇ.સ.૭૬૬) નું પ્રાપ્ત થયું છે. જે પરથી પ્રતીત થાય છે કે ઉક્ત સંવત પર્યંત તો વલ્લભીનું રાજ્ય સ્થાયી થયું હતું. તેથી કેટલાંક સમય પછી તેનો નાશ થયો હશે. એક જૈન લેખક વીરસંવત ૮૨૬માં વલ્લભીનો નાશ થયેલો જણાવે છે પરંતુ તેને વિક્રમ સંવતને બદલે ભૂલથી વા ભ્રમથી વીર સંવત લખી દીધો હોય એમ જણાય છે. વિ.સ. ૮૨૬ (ઇ.સ.૭૬૯-૭૦) માં વલ્લભીનો નાશ થયો હોય એવો સંભવ છે. (રાજસ્થાનનો ઇતિહાસ, પૃ.૬૫૯, ગૌ.હી.ઓઝાની નોંધમાંથી)

આ રીતે કોઇ ચોક્કસ પ્રજાએ તેનો નાશ કર્યો તેના વિશે વિદ્વાનો વચ્ચે મતમતાંતરો પ્રવર્તે છે. પરંતુ તેના વિનાશનાં સમય વિશે બધા ચોક્કસ કહે છે કે ઇ.સ.ની આઠમી સદીમાં થયો અને તેના પ્રમાણ વિશે શંકા નથી. વલ્લભીપુરનાં વિનાશ વિશે 'મહેર જવામર્દ' માં આમ લખાયું છે.

"ઇ.સ.૭૫૯માં ખલીફે સિંધના હાકેમ તરીકે હિશામની નિમણૂંક કરી, તેની આજ્ઞાથી ઉમર બીન-જમાલ નામનો સેનાપતિ નૌકાસેના દ્વારા ઇ.સ.૭૬૨-૬૩માં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપર ચડી આવ્યો. વલ્લભીપુર પણ તેઓનું લક્ષ્યાંક હતું. પરંતુ વલ્લભી રાજાએ તેને હરાવ્યો. આ પરાજયની જાણ હિશામને થઇ. એણે બળવાન સૈન્ય સાથે ફરીથી ચડાઇ કરી. આ ચડાઇમાં શિલાદિત્ય સાતમો અને તેનો મંત્રી વીરગણ બંને રણમાં રોળાયાં. આરબોએ કત્લેઆમ ચલાવી. મંદિરો, મઠો અને પુસ્તક ભંડારો સળગાવી નાંખ્યા. આખું નગર ભડકે બળ્યું."(૧૯)

લેખકે ઉપર્યુક્ત માહિતી કોના આધારે લીધી છે તે બતાવ્યું નથી. પણ આ આરબોની ચડાઇનો ઉલ્લેખ ગૌ.હા.ઓઝાએ પણ કરેલ છે. બંને વચ્ચે સામ્ય રહેલું જણાય છે. આ રીતે વિદેશી આક્રમણકારોથી વલ્લભીનો નાશ ઇ.સ.૭૭૦ માં થયો.

આ બધી બાબતો જોતાં જણાય છે કે આ પ્રજા કોઇનાં સૈન્ય સાથે મધ્ય એશિયામાંથી આવી હશે કાં તો સ્વતંત્ર સમૂહ તરીકે સ્થળાંતર કરીને મધ્ય એશિયામાંથી પંજાબ, મારવાડ કે સિંધમાં અને ત્યાંથી સ્થળાંતર કરતી કરતી કચ્છમાં થઇને સૌરાષ્ટ્રમાં વસી ગઇ હશે. મોટા ભાગનાં આક્રમણો અને પ્રજાનું આગમન સિંધ પ્રદેશમાંથી ભારતની ભૂમિ પર થયું છે તે બાબતનો નિર્દેશ શ્રી કર્નલ જેમ્સ ટોડ કરતાં કહે છે,

"સિંધુ નદીનાં કિનારા પર આવેલાં જે વિશાળ પ્રદેશમાં પારદ લોકો નિવાસ કરતાં હતાં તે અત્યાર સુધી અનેક વિદેશી આક્રમણકારો માટે ખુલ્લા દ્વાર સમાન બની રહ્યો હતો. આ ખુલ્લા દ્વારમાં પ્રવેશ કરી અનેક જાતિઓ પવિત્ર ભારત ભૂમિમાં આવીને તેનો નાશ કરી નાંખ્યો. જિત્, હૂન, કામારી, કાઠી મકવાહ્ન, બલ્બ તથા અશ્વારિયા ઇત્યિાદી જે જે આક્રમણકારોએ આવીને સૌરાષ્ટ્ર દેશમાં અધિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી તે આ ખુલ્લા દ્વાર માંથી જ આવ્યાં હતાં, એ સમય આ આક્રમણકારો માટે તો ખરેખરો સુવર્ણયુગ જ હતો. તેઓ

એશિયાની ઉચ્ચભૂમિ છોડીને એક જ સમયે યુરોપ તથા ભારતભૂમિ તરફ ચાલવા લાગ્યાં હતા."[૨૦]

### ★ પડિહાર સંજ્ઞા :-

સૌપ્રથમ મહેર પ્રજા પંજાબમાંથી રાજસ્થાનમાં આવી ત્યારે 'પડિહાર' સંજ્ઞાથી ઓળખાતી. કાઠિયાવાડમાં આવી ત્યારે મૈત્રક અથવા મિહિર તરીકે ઓળખાતી અને બરડામાં આવ્યાં પછી 'મહેર' અથવા 'મેર' તરીકે ઓળખાતી થઇ છે. પડિહાર, મૈત્રક, મિહિર, મહેર અને મેર એક જ છે. એમ ઇતિહાસકાર રાયબહાદુર ગૌરીશંકર ઓઝા પણ લખે છે. પંડિત ભગવાન લાલનાં સંશોધનનો આધાર લઇને ડૉ.ફ્લીટ પણ લગભગ આ વાતને ટેકો આપે છે.

"As regands to the consideration of Pandit Bagwanlal that maitrak is mihir (mer) and really I agree with him. The original name of mer was mihir and the meaning of mihir or maitrak is sanskrit is Surya (Sun). So meitrak, mihir maher and mer are one and the same vansh." [૨૧]

આ ઉપરાંત મિ.જેક્સન સાહેબ લખે છે "In the volume prepared by Harsh it is believed that the kinds of Bhinmal are of Gurjar Vansh, and Gurjar means maitrak, Mihir, Maher or Mer."

'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' નામનાં ગ્રંથમાં રાયબહાદુર ગોવિંદભાઇ હાથીભાઇ પણ એમાં સૂર પૂરાવતાં લખે છે, "Padihar, Partihar, Gurjar, Maitrak, Mihir, Mer are not different but are one and the same"

રાજકોટના પ્રાદેશિક પ્રકાશન અધિકારીશ્રી ચંદ્રશેખર ઉમાશંકર શુક્લાએ પણ લખ્યું છે : "मेर का असली नाम मिहिर था और संस्कृत में मिहिर और मैत्रक का अर्थ अेक ही होता है। मेर जात कही थी और मैत्रक वही मेर है ।" [૨૨]

ઉપર આપેલા બધા ઉદાહરણો - અવતરણો દ્વારા એ વાત સ્પષ્ટ થાય છે કે મહેર કોમ-પ્રજાએ આ પડિહાર શાખમાંથી ઉતરી આવેલી પ્રજા છે. આ પ્રજા કાલાંતરે વિવિધ નામ ધારણ કરતી આવી હશે. પૂજ્ય શ્રી માલદેવ બાપુ હિન્દીમાં લખે છે :

पडिहार की बारह शाखा है । राजा महीर भौज और कनोज देश का वा दस और ग्यारह सताब्दी सदी तक के राजा सर्व गुर्जरवंश के ही थे ऐसा निचय प्रमाण इतिहास प्रसिद्ध है । मीहीरे भोज जाट उन्हीं के पूर्वज उसके वंश की गुर्जर जाती पडिहार शाखा के थे । कहने का तात्पर्य की प्रतिहार राजपुतो के प्रसिद्ध शाखा अंक गुर्जर जाती का ही विभाग है यह प्रमाणित कथन है ।(२३)

ઉપર્યુક્ત શ્રી માલદેવ બાપુનાં આ કથનથી એટલું તો સ્પષ્ટ થાય છે કે આ પડિહાર શાખા રાજપૂતોની ગુર્જર શાખા જ છે. આગળ આપણે જોયું તેમ ગુર્જર પ્રજામાં મહેરનાં મૂળ રહેલા છે. આમ, આ પડિહાર શાખા તરીકે મહેર જાતિ એક સમયે ઓળખાતી હશે. આ જ વાતનો સૂર પુરાવતાં શ્રી કવિરાજ શેખર લખે છે :

"In the caste of maher, garashiya, the Ranavat, Bansiya, Khardiya, Mori, Parmar and Podhiyar are Gotra of Padhiyar. Vansh and this podhiyar vansh is considered as the gurjar and Gurjar means maitrak"(२४)

આ પડિહાર વંશ કોણ છે તેનાં વિશે માહિતી આપતા શ્રી ઓઝાનું કથન આ પ્રમાણે નોંધાયેલું છે :

"પડિહાર વા પ્રતિહાર લોકો હાલમાં પોતાને અગ્નિવંશી જણાવે છે પરંતુ તેમનાં પ્રાચીન શિલાલેખોમાં તેમને ક્યાંય પણ અગ્નિવંશી જણાવ્યાં નથી. પણ વિ.સં.૯૦૦ની આસપાસના ગ્વાલિયરનાં કિલ્લામાંથી મળેલાં પડિહાર રાજા ભોજદેવનાં સમયનાં શિલાલેખમાં પડિહારોનો પ્રસિદ્ધ સૂર્યવંશી રામચંદ્રના કનિષ્ઠ ભ્રાતા લક્ષ્મણનાં વંશના જણાવ્યાં છે. તથા એશિયા (મારવાડ) થી પ્રાપ્ત થયેલા એક શિલાલેખમાં પણ એવો જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે અને કનોજનાં પ્રતાપી પડિહાર રાજા મહેદ્રપાલનો ગુરુ પ્રસિદ્ધ કવિ રાજશેખર કે જે વિ.સંની નવમી અને દસમી શતાબ્દીમાં થયો હતો તે પણ તેમને રઘુવંશી જણાવે છે. જોધપુર રાજ્યમાંથી પ્રાપ્ત થયેલા વિ.સં.ની નવમી અને દસમી શતાબ્દીનાં બે અન્ય શિલાલેખોમાં પડિહારોની ઉત્પત્તિના સંબંધમાં એવો ઉલ્લેખ છે કે વિપ્ર હરિચંદ્રની બે સ્ત્રીઓ હતી, જેમાંની એક વિપ્ર વર્ણની અને બીજી ભદ્રા નામની ક્ષત્રિય વર્ણની હતી. તેનાથી જે પુત્રો થયા તે પ્રતિહાર કહેવાયા." પડિહારોની ઉત્પત્તિના વિષયમાં આ પ્રકારના પ્રાચીન લિખિત પ્રમાણો પ્રાપ્ત થાય છે પરંતુ તેને

'પૃથ્વિરાજ રાસા' સિવાય કોઇ પણ ગ્રંથ વા લેખમાં અગ્નિવંશી ગણાવ્યાં નથી. પડિહારોનું રાજ્ય પ્રથમ મારવાડમાં હતું. જયાંથી તેમણે પોતાનાં બાહુબળથી કનોજનું રાજ્ય છીનવી લઇને એક મહાપ્રબળ રાજ્ય સ્થાપિત કર્યું હતું.[૨૫]

આમ, મિહિર, મૈત્રક વંશ પણ સૂર્યવંશી સૂર્યપૂજક હતો. જ્યારે આ પડિહાર વંશ પણ સૂર્યપૂજક-સૂર્યવંશી છે. બીજી બાજુ કચ્છવાહા - કેશવાલા મહેર રઘુવંશી છે. ત્યારે આ પડિહારોને પણ રઘુવંશી કહ્યા છે. આ સામ્યતા ધ્યાને લેતાં બને એક જ હોવાનો સંભવ વધુ ગાઢ બને છે.

આ વાતને ટેકો આપતી નોંધ "મહેર જવામર્દ" ના સંપાદકશ્રી માલદેવ રાણા તેનાં પુસ્તકમાં આ પ્રમાણે નોંધે છે કે :

"શ્રી રામચંદ્રજીનાં મહેલની દોઢી (દરવાજા)નું રક્ષણ કરવાનું કામ લક્ષ્મણજીએ સંભાળ્યું ત્યારથી રઘુવંશી પડિહાર અથવા પ્રતિહાર નામથી ઓળખાયા અને કુશનાં વંશ કુશનવંશી પડિહારો તરીકે પ્રસિદ્ધ થયાં. કુશનવંશીઓ, કુશવારા, કચ્છવારા કેશવારા એ પ્રમાણે ઓળખાયા, માટે જ કહેવામાં આવ્યું છે કે આદ્ય મહેર કેશવારા."

એ સમયે પ્રબળ રાજ્ય તો પડિહારોનું જ હતું. રાજપૂતાનાનો મોટો ભાગ ગુજરાત કાઠિયાવાડ, મધ્યભારત શતલજથી બિહાર સુધીનો પ્રદેશ તેનાં તાબામાં હતો. સાંભરનાં ચૌહાણો પણ એ સમયે પડિહારોને આધીન હતા. એમ શિલાલેખમાં લખેલ છે. વિ.સ.૧૦૩૦, ઇ.સ.૯૭૩ નાં શિલાલેખમાં લખેલ છે કે કનોજના પડિહારોને રઘુવંશી માનેલાં છે. કુશનવંશી રાજા કનિષ્કનું રાજ્ય હતું. ઇ.સ.૭૮ થી ૧૦૬માં આ તરફ આવ્યો હશે. ચોથી શતાબ્દીથી આઠમી શતાબ્દી સુધી માત્ર ગુજરાતમાં શક્તિશાળી રાજ્ય વલ્લભીપુરનાં મૈત્રકોનું હતું અને તે મૈત્રક (મિહિર) નાં નામથી ઓળખાતા હતાં.[૨૬]

આ જ રીતે માલદેવ બાપુ આગળ આ જ પુસ્તકમાં પૃ.૫૦ ઉપર મહેર વિશે પડિહાર એ જ મહેર છે એમ નોંધતા કહે છે કે :- ભગવાન રામચંદ્રનાં અનન્ય ભક્ત અતી વિશ્વાસુ અને કૃપાપાત્ર લક્ષ્મણજી શ્રી રામનાં અંગરક્ષક હતાં અને તેને પ્રતિહારની ઉપમા હતી. એ પ્રતિહાર એ જ પડિહાર અને એ પડિહારો પંજાબમાં આવ્યા, મારવાડમાં આવ્યાં અને રાજ્ય ચલાવ્યું. એ જ પડિહાર ગુર્જર વંશના પડિહારો એ રાજગાદી સ્થાપી. ત્યાં મૈત્રક વંશ તરીકે ઓળખાયા.

મહાન પંડિતો અને અગાઉના પ્રસિદ્ધ ઇતિહાસકારોએ બહુ શોધ કર્યા પછી પોતાનાં અભિપ્રાય આપેલ છે કે કુશનાં વંશનાં કેશવારા છે અને કુશવારા એ જ પડિહારો છે અને એ જ ગુર્જર પડિહારોનાં નામથી અને રઘુવંશી પડિહારોના નામથી મૈત્રક, મિહિર અને છેવટે મેરનાં નામથી ઓળખાયેલ છે. (મહેર જવામર્દ, પૃ.૫૦)

આપણે માત્ર આટલે થી જ અટકવું એ બરાબર નથી. 'મહેર જવામર્દ'ના સંપાદકે કેટલાંક અંગ્રેજી ઇતિહાસકારોનાં અવતરણ સાભાર સાથે ટાંકીને આ વાતને વધુ સચોટ બનાવતાં પુરાવા જોઇએ.

After Gupta vansh there are padiar kinds, who are very know in bravey, parihar pratihar, padidar, gurjar, maitrak, mihir maher and mer are one and the same.

- By Ray Bahadur Gauarishankar Oza

Padihar vansh had designation of Rana which was taken away be Gahelot Vansh to win them, it is proved that Padhihar Vansh is spread over the whole part of India and this was fixed as there were shika kekhs in this context.

- By Ray Bahadur Gaurishankar Oza

In the beginning of eleventh century they had great right on Alver District and there were Kanoj's Padihars the great commanders of king Kshitipal and the capital was named Rajor.

- By Jagdish Gahlot, Jodhpur

Maharuar Rajput is Maher vansh Mahirot or Mahiravat which were well known is old period of Mahir Lok Bharat Vansh.

- By Captain Noor Saheb's Volume

Padhiar, Gurjar, Maitrak, Mihir, Maher, Mer, Mihir, Maher or Mehar all these words haure one and same meaning and these are considered as of so many vansh of Kshtriya.

- By Kernal Tod Saheb - Rajasthan History

Mahirbhoj was a Gurjar king and Padihar is a Shakha of Vansh, and Padhihar, Gurjar, Maitrak, Maher, Mer, Mihir are one and the same.

- By Vinest Smith, Early History of India

Volume - 14, Page - 359 [૨૭]

ઉપર્યુક્ત વિધાનો પુરવાર કરે છે કે પડિહાર, મિહિર, મૈત્રક, મહેર અને મેર એ એક પ્રજાના સમયાંતરે બદલાતાં આવેલાં નામ છે. પડિહાર એજ આજના મહેર છે તેવું સાબિત થાય છે.

મહેર વંશનું રાજ્ય સંયુક્ત પ્રદેશથી ઉત્તર ભારત ઇ.સ.૨૦૦ વર્ષ પહેલાં હતું. એમાં પ્રસિદ્ધ રાજા ભોજ થઇ ગયો છે. એની રાજધાની કનોજમાં હતી. ભોજનાં સિક્કામાં મહેર ભોજ એમ લખાયેલ છે. આ મહેર વંશના ભોજ રાજા તે પડિહાર વંશના હતા. રાસમાળાનાં લેખક પણ મહેર રાજાને મૈત્રક જાતની શાખા ગણે છે અને ઇતિહાસકારો આ મૈત્રક વંશને વલ્લભી વંશનાં નામથી પણ ઓળખાવે છે તે આપણે આગળ જોઇ ગયા છીએ.

આ ઉપરાંત જગમાલ મહેરનો પણ ઉલ્લેખ મળે છે. ઇ.સ.૧૨૦૦ ની આસપાસ ટીંબાણ શહેરમાં જગમાલ મેર નામનો ખંડિયા રાજા હતો. વલ્લભીપુરમાં પણ મૈત્રક રાજાઓનાં સમયથી આ પ્રદેશમાં પણ મેર રાજાઓ હતાં. જગમાલ મેર રાજાએ રાહનું આધિપત્ય અવગણી ભીમદેવનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હતું. તેમ તેમનું મળેલું એક દાનપત્રનું લખાણ કહે છે. આ જગમાલ મહેર વિશે શ્રી શંભુપ્રસાદ દેસાઇ લખે છે :

"ઇ.સ.૧૨૦૩ લગભગ તળાજા પ્રદેશમાં મહેર નામનો રાજા હતો. ટીંબાણા નામના ગામમાંથી મળી આવેલાં વિ.સં. ૧૨૬૪- ઇ.સ.૧૨૦૮ નાં દાનપત્રમાં જણાવ્યાં પ્રમાણે તેણે તેની માતા પૃથ્વીદેવીનાં નામ ઉપરથી પૃથ્વીદેવિશ્વર અને પિતા ચૌંડના નામ પરથી ચૌડેશ્વર નામનાં લિંગો સ્થાપી તળાજામાં મંદિરો બંધાવ્યાં હતાં તથા તેના નિભાવ માટે તેણે કાંબલઉલિંગ અને ફુલસર નામનાં ગામોમાં ભૂમિ આપી હતી. દાનપત્ર વિશેષમાં કહે છે કે જગમાલનો દ્વારપાળ સાંખડો હતો અને જગમાલનાં પિતામહનું નામ આન હતું."

અંભલવાળા ત્રીજાનાં પિતાનું નામ આન કે અણો હતું. જગમાલનાં પિતામહનું નામ પણ અણો હતું. તેથી એમ માની શકાય કે ચૌડ અંભલવાળાનો ભાઇ હશે અને તે મહેર જ્ઞાતિમાં લગ્ન કરી તેમાં ભળી ગયો અને તેનો પુત્ર જગમાલ થયો. ગમે તે કારણે તળાજાનું રાજ્ય જગમાલને મળ્યું અને તેણે ત્યાં મંદિરો બંધાવ્યા.(૨૮)

### ★ મહેર રાજા ઠેપક :-

વિ.સં.૧૩૮૬ ના અષાઢ ૭. સોમવારનો એક લેખ વર્તમાન ગોહિલવાડનાં હાથસણી ગામમાંથી મળ્યો છે. તેમાં જણાવ્યું છે કે સોમવંશમાં ખેંગાર નામનો રાજા થયો. તેના કુળમાં જશધવલ જન્મ્યો. તેને સૂર્વંશમાં જન્મેવી વિજય સુભટની પુત્રી પ્રિયમલદેવી વરી, તેનાથી

જશધવલને નાગાર્જૂન નામનો વીર પુત્ર થયો. તે માંડલિક ને સહાય કરનારો હતો. તેનો પુત્ર મહાનંદ થયો તે મંગલરાજની પુત્રી રૂપાને પરણ્યો અને તેનો પુત્ર ઠેપક થયો.

આ મહેર રાજાનો અભિષેક તાલધ્વજ ગામમાં મહીશ રાજાએ કર્યો. તેના ચાર પુત્રો થયાં તે જ્યારે રાજ કરતો હતો ત્યારે કુન્તરાજને કહ્યું કે "હવ્વલ્લાદિત્ય કુલમાં જન્મેલાં સૂર્ય વિકલનો વંશજ રાજા, જેમ મારા પૂર્વજો એ જુનાગઢમાં સંગ વાપી બંધાવી તેમ તું ઠંપાવાપી બંધાવ" મહેર રાજાના આદેશ પ્રમાણે કુન્ત રાજે વાપી બંધાવી.[૨૯]

આ શિલાલેખમાં જોતા પ્રતિત થાય છે કે તળાજામાં મહેશ નામનો કોઇ રાજા હતો અને તેની સમીપે આવેલાં કોઇ ગામમાં ઠેપક મહેર રાજા હતો. ઠેપક જૂનાગઢનાં રાહ ખેંગારના વંશમાં જન્મેલા મહાનંદનો પુત્ર હતો અને તેની શાખ મહેર હતી. તે મંગલરાજાની પુત્રી રૂપાને પરણ્યો હતો અને તેને વલ્લાદિત્ય એટલે વલ્લભીકુળમાં જન્મેલાં કોઇ વાળા રાજા કુંતરાજને જેમ રાહે જૂનાગઢમાં વાવ બંધાવી તેમ વાવ બંધાવવા સલાહ આપી અને એણે હાથસણીમાં વાવ બંધાવી. મંગલરાજ અને કુંતરાજ કદાચ મંગલપુર, માંગરોળ કે કુંદણી કે કુંતાસીન કે એવા કોઇ ગામમાં રાજા પણ હોય.

આ ઉપરાંત જેસલમેર નામનાં ખાટ સરદારનો ઉલ્લેખ પણ "સૌરાષ્ટ્રનો ઇતિહાસ" નામનાં પુસ્તકમાં થયેલ છે પણ તે મહેર નહીં પણ ખાટ હતો.

આમ, આ પડિહાર, મૈત્રક, મિહિર, મહેર, મેર જાતિનાં વિવિધ તામ્રપત્રોનાં વિવિધ ઇતિહાસકારોના સંશોધન પરથી જણાય છે કે તે એક જ જાતિના નામ પ્રદેશ ભેદે, કાલાંતરે કે પાઠભેદે અપભ્રંશ થતા આવ્યાં હશે.

પડિહારોની રાજધાની પહેલાં જોધપુરનાં દક્ષિણ ભાગમાં ભિન્ન માલમાં હતી તેમ વિવિધ વિદ્વાનોનાં સંશોધનનાં આધારે કહી શકાય અને તેનાં તાબામાં જે પ્રદેશ હતો તે ગુર્જર - ગુજરાત કહેવાતો હશે. તેની લંબાઇ ૩૦૦ માઇલની શ્રી કર્નલ ટાંડ જણાવે છે. રાજોરગઢ ઉપર પડિહાર ગોત્રનો ગુર્જર મહારાજાધિરાજ મથનદેવ રાજ્ય કરતો અને ક્ષિતિપાલદેવ સામત હતો. આ ક્ષિતિપાલ રાજા કનોજનો પડિહાર રાજા હતો તેમ શ્રી માલદેવ રાણા કેશવાલા નોંધે છે. ગુર્જરોની જે બે જાત છે તેમાં બડ ગુર્જર કહેવાય છે તેઓ પોતાને લવના વંશજો માને છે. ગુર્જર રાજા યશોવર્માની રાજધાની મંદોવરમાં હતી એમ સાંવણી નામનાં ગામમાંથી શિલાલેખ મળેલ

છે તે ઉપરથી જણાય છે. પડિહારોનો આ સિવાયનો લેખ જોધપુરથી ચાર માઈલ દૂર મંદોવરનાં પડિહારોનાં શિલાલેખ મળે છે. આ લેખમાં તેની વંશાવળી આપી છે તે આ પડિહાર રાજાને આર્યવતનાં રાજાની ઉપમાં આપી છે. ઉત્તર ભારતમાં સૌથી મોટું રાજ્ય પડિહારોનું જ હતું તેના તાબામાં ગુજરાત, કાઠિયાવાડ, માળવાથી સતલજ નદી સુધી અને બિહાર સુધીનો પ્રદેશ હતો. સાંભરનાં ચૌહાણો પહેલાં પડિહારનાં તાબામાં હતા.

આમ, પડિહારો એ જ આજનાં મેર અથવા મહેર કે મિહિર તરીકે ઓળખાયા છે. મૈત્રકોનો એક સમૂહ અલગ પડી મિહિત તરીકે અને તેમાં મહેર-મેર તરીકે આ પ્રજા અસ્તિત્વમાં આવી હશે. આ બાબતે ભરતભાઇ બાપોદરા લખે છે.

**★ મૈત્રકોના એક સમૂહ અલગ પડી મિહિર તરીકે પ્રખ્યાત થયો :-**

"શિલાદિત્ય સાતમાં (ઇ.સ.૭૬૫-૭૭૦) ના રાજ્ય વહીવટ દરમિયાન મૈત્રકોનાં એક સમૂહને અસંતોષ થયો અને એ કારણે એ સમૂહ મૈત્રકોથી અલગ પડ્યો. અલગ પડ્યાં પછી 'મૈત્રક' ને બદલે 'મિહિર' તરીકે ઓળખાતો થયો. આ સમૂહ અતિશય બળવાન સમૂહ હતો. વલ્લભી રાજાઓએ પણ તામ્રપત્રોમાં એ સમૂહને અતિશય બળવાન સમૂહ કહ્યો છે. ઇ.સ.૭૭૦ માં વલ્લભીનું પતન થયું એટલે મિહિર ઠાકોર જોરમાં આવ્યો એવું પંડિત ભગવાનલાલ મુંબઇ ગ્રંથ-૧ પૃ.૧૨૭ ને આધારે મંતવ્ય રજૂ કર્યું છે. (એમણે વિ.સં.૫૮૦ એટલે કે ઇ.સ.૫૨૪ માં વલ્લભી પતનનું લખ્યું છે, પરંતુ એ ખોટું છે. વલ્લભીનું પતન ઇ.સ.૭૭૦ માં થયું હતું.) આ મિહિર ઠાકોર તે બીજો કોઇ નહી પણ કાન્યકુબ્જનો પ્રતિહાર રાજા મિહિર ભોજ 'અર્લી હિસ્ટરી ઓફ ઇન્ડિયા' આવૃત્તિ-૩ પૃષ્ઠ:૩૧૯ પર સ્પષ્ટ ઉલ્લેખ છે કે આ મિહિર ભોજ અતિ પરાક્રમી હતો. આ પ્રતિહાર રાજાએ પોતાના પરાક્રમથી કાઠિયાવાડ ઉપરાંત કચ્છમાં અનેક વિજય મેળવ્યાં હતાં. એવા હ.બા.ગ્રંથમાં ઉલ્લેખ છે."[૩૦]

આપણે મિહિર ભોજ વિશે આગળ જોઇ ગયાં છીએ અને તે પ્રમાણે જોતાં આ મૈત્રકોમાંથી મિહિર થયું હોય કે કોઇ સમુદાય અલગ પડીને પાછળથી મિહિર થયો હોય તે વાત અશક્ય નથી. મિહિર ઠાકોરની વાતને અનુમોદન આપતા શ્રી માલદેવ બાપુ આ વાત લખે છે.

મહારાજા સીલાદિત્ય કે સમય મે વિક્રમ સંવત ૬૮૦ ઈ.સ.૬૨૪ મેં બલ્લાર કા પતન હુઆ વલ્લભી કા પતન કે બાદ કાઠિયાવાડ કે મહેર ઠાકોર જોશ મે આયે, પંડિત ભગવાનલાલ 'બમ્બઈગ્રંથ' ભાગ-૨ પૃ.૧૨૭ કે આધાર સે કહતે હૈ, યહ મહેર વે કાન્યકુબ્જ કે પ્રતિહાર રાજા મહેર ભોજ કનોજ કે પડિહાર (પ્રતિહાર) વંશ કા થા। યહ ભોજ બહુત પરાક્રમી રાજા થા। વિક્રમ સંવત ૮૯૬ સે ૯૪૬ તક ઉસને રાજ કિયા। યહ દૂસરે ધૃવ કો બહૂત વિસ્તાર બઢાયા થા। ઉસકે રાજકો સામ્રાજ્ય ભી કહા જાયે ઐસા શ્રી વી સ્મીથ ભી કહતા હૈ। (અર્લી હિસ્ટ્રી ઓફ ઈન્ડિયા આવૃત્તિ-૩ પન્ના ૩૨૬)[૩૧]

**★ ભોમિયા મહેર :-**

પ્રાચીન સમયમાં રાણાઓનાં રાજ્યમાં જે ભોમિયા તરીકે ઓળખાતા તે મહેર તરીકે આજે ઓળખાય છે. તેવો ઉલ્લેખ 'મહેર જવામર્દ' માં શ્રી માલદે બાપુએ કરેલા છે. આ ભોમિયા ઉદેપુર રાજ્યનાં પ્રાચીન રાણાનાં વંશનાં તે ભૂમિયા કે ભોમિયાનાં નવા નામથી ઓળખાતા હતા તેવું ઈતિહાસવેતા મી.હેમલ નોંધે છે. તેઓ નોંધે છે કે બરડા પ્રદેશમાં (પોરબંદર તાબે) રહેનારા મહેરો પણ ભોમિયાનાં નામથી ઓળખાય છે. આ વીર રાજપૂતો રાણાના વંશજો છે તેમ છતાં પણ ખેતી કરવા લાગ્યાં છે. પોતાની જાતિત્વને કદી પણ તીલાંજલી આપી નથી ભાલા, તલવાર છોડ્યાં નથી. ઉદેપુરનાં ભોમિયા અરવલ્લીનાં પહાડમાં ખેતી અને પશુપાલન કરી આનંદથી જીવન વિતાવે છે અને તેજસ્વીતા, ગૌરવ, મહિમાં તથા વંશમર્યાદા તેના હૃદયમાં પ્રબળ રીતે બીરાજમાન છે. આ ભોમિયા અધિક બુદ્ધિમાન છે અને ધીરવીર પણ છે. આ ભોમિયા ગામધણી પણ છે આજનાં મહેરોની જે છટા છે તેની મર્દાનગીની સાથે ખેતીવાડી પ્રત્યેની સૂઝ આગવી છે. તેઓ એ ખેતી સાથે પોતાનાં ખમીરને જાળવી રાખ્યું છે. આમ ભોમિયા તે આજનાં મહેર એવો ઉલ્લેખ 'મહેર જવામર્દ' માં કર્યો છે. તેનાં વિશે વિસ્તૃત માહિતી આપતાં કર્નલ ટોડ લખે છે :

"મેવાડ રાજ્યની શરૂઆતની અવસ્થામાં પ્રાચીન રાણાઓનાં વંશજો 'ભૂમિયા' નામથી વિખ્યાત હતાં. તેઓ રાજ્યનાં પ્રધાનપદો પર નિયુક્ત થઇ વિશેષ સન્માન પ્રાપ્ત કરતા હતા. મોગલ સમ્રાટ બાબર અને તેના પ્રબલ પ્રતિસ્પર્ધી રાણા સંગના શાસન સમયની પૂર્વેથી આ

પ્રાચીન રાજવંશી ભૂમિયાઓની અવનતી થઇ હતી. પાછળનાં રાણાઓનાં વંશજો સામંતપદ પર અભિષિક્ત થઇ મહાસન્માનને પ્રાપ્ત થવાથી આ પ્રાચીન લોકોનું સામર્થ્ય, પ્રતાપ તથા પ્રભુત્વ વિલુપ્ત થઇ ગયું અને તેઓ સાધારણ 'ભૂમિયા' નામથી વિખ્યાત થયાં. ભૂમિની સાથે તેમનો જે અખંડ સંબંધ છે તે આ 'ભૂમિયા' શબ્દથી પ્રતિત થાય છે. 'જમીનદાર' શબ્દનો પ્રથમ પ્રચાર મુસલમાનોએ કર્યો હતો. બંગાળામાં જમીનદારોની સંખ્યા ઘણી મોટી છે. 'જમીનદાર' કરતાં 'ભૂમિયા' શબ્દ જ વધારે અર્થસૂચક છે. પ્રાચીન ભૂમિયા લોકો હાલમાં મેવાડનાં અનેક પ્રાંતોમાં નિવાસ કરે છે. કલમમેરમાં, ચાપનનાં જંગલી પ્રદેશમાં તથા મંકલગઢની સપાટભૂમિ આ ભૂમિયા લોકોની ભૂમિ છે. તેણે દીર્ઘકાળ પર્યંત રાણાને આધીન રહી અતુલ વિરત્વ તથા વિક્રમ પ્રદર્શિત કરી વિજાતિઓનાં આક્રમણ, ઉપદ્રવ તથા ઉત્પીડનના પંજામાંથી પોતાની સુધામય સ્વાધીનતા રક્ષા કરી છે. ઉક્ત પ્રદેશોમાં ભૂમિયા લોકો દીર્ઘકાળથી કૃષિકાર્ય કરી પોતાનો નિર્વાહ ચલાવે છે."

મેવાડનાં આરંભિક રાજ્યવંશીઓ ક્યાં-ક્યાં સમયમાં ક્યાં-ક્યાં અધિપતીઓને ત્યાં જન્મીને ભિન્ન-ભિન્ન શાખાઓમાં વિભક્ત થયા છે તે કુંભાવત, લુણાવત, રાણાવત આદિનામો પરથી પ્રતીત થાય છે. ત્યારપછી પાછળનાં રાણાઓના વંશજોનું સન્માન અને પ્રભુત્વ વૃદ્ધિગત થતા ભૂમિયા લોકો રાજસભામાં વિરાજવાને તથા રાજકર્મને નિયુક્ત થવાને પ્રાર્થના કરવી અનુચિત ગણી જીવનનો નિર્વાહ કરવાને માટે કૃષિકાર્ય કરવા લાગ્યાં. જો કે આ વિર રાજપૂતો રાણાનાં વંશજો હોવા છતાં કૃષિકાર્ય કરવા લાગ્યા હતા તેમણે કદી પણ પોતાની જાતિનાં વીરત્વને તિલાંજલી આપી નથી. તલવાર, ભાલા અને ધનુષ્ય બાણ તેમનાં ચિરસહચર રહ્યાં છે. જો કે આ લોકો અરવલ્લીનાં પ્રદેશમાં હળ હાંકવામાં તથા પશુનુ પાલન કરવામાં આનંદપૂર્વક નિયુક્ત છે. પરંતુ જાતિય દર્પ, તેજસ્વીતા, ગૌરવ ગરિમા તથા વંશ મર્યાદા તેના હૃદયમાં પ્રબળ રીતે બીરાજમાન છે. મેવાડનાં હાલનાં સામંતો શિક્ષિત અને સભ્ય હોવાનો દાવો કરે છે તથા રાણાની સંગતમાં રહેતા હોવાથી પોતાને મહાસન્માનિત માને છે પરંતુ તેમનાં કરતાં ભૂમિયા લોકો અધિક બુદ્ધિમાન, શાંત અને ધીર છે. ભૂમિયા લોકમાંથી ઘણા જણ જંગલી અને અસભ્ય લોકોની કન્યાનું પાણિગ્રહણ કરે છે તેથી મેવાડનાં સિસોદિયાઓ તેમનો કરે છે.

આ રીતનાં વિવાહથી જે સંતાનો ઉત્પન્ન થાય છે. તેઓ પોતાનો પરિચય આપતી વખતે માતૃકુલ અને પિતૃકુલનાં નામ આપે છે.

ઉક્ત ભૂમિયા લોકોમાના ઘણા તો એક એક ગામના અધિપતિ છે. પોતાની ભૂમિને માટે રાણાને તેઓ ઘણો થોડો કર આપે છે. આવશ્યકતા પડતા સ્થાનિક અમલદાર તેમને સેનાલબ્ધ કરે છે જે સમયે તેઓ રાણાની આજ્ઞાનુસાર રાજ્યરક્ષા, વિગ્રહનિવારણ વા શત્રુઓની સામે ખડા થવાને સેનાલબ્ધ થાય છે તે સમયે તેમને ભોજન સિવાય કાંઇ પણ બદલો મળતો નથી. મેવાડનાં અનેક સ્થાનોમાં બંદૂક, તલવાર અને ઢાલધારી ભૂમિયાઓ વિરાજમાન છે. મંડલગઢ નામનાં પ્રદેશમાં જ્યારે રાણા અને ભૂમિયા લોકોએ ઉભયનાં સ્વાર્થની રક્ષા કરવાની હતી. લોકોએ ઉભયનાં સ્વાર્થની રક્ષા કરવાની હતી. અર્થાત્ જે સમયે તેમને બળવાન મહારાષ્ટ્રીઓ અને ઈતર લુટારાઓનાં પ્રબળ અત્યાચાર ઉત્પીડન તથા લુટફાટનું નિવારણ કરવાની ફરજ પડતી ત્યારે પ્રાયઃચાર હજાર ભૂમિયા અશ્વારોહીઓ યુદ્ધકાર્ય ને માટે સજ્જ થતાં હતા. ભૂમિયા લોકો મહારાણા વા ઈતર કોઇ પણ માણસની સહાય વિના અર્ધશતાબ્દી પર્યંત ઘોર વિદ્રોહ અને અરાજકતામાં મંડલગઢની રક્ષા કરવાને સમર્થ થયા હતાં.

યુદ્ધમાં ઉપર્યુક્ત થઇ પડે તેવા સમસ્ત ભૂમિયા લોકો મહારાણાને થોડો કર આપે છે તેઓ સ્થાનિક યુદ્ધમાં અથવા સિમાંતમાં આવેલા દુર્ગોની રક્ષા કરવાને માટે નિયમિત સમય પર્યંત સેનાની આપે છે. જો કોઇ વિદેશી શત્રુ મેવાડ પર આક્રમણ કરવાનો પ્રયત્ન કરે તો મહારાણાનો આજ્ઞાપત્ર પ્રચાર પામતાની સાથે જ આ લોકો પોતપોતાના અસ્ત્રશસ્ત્ર ગ્રહણ કરી તેની વિરુદ્ધ ખડા થાય છે તેઓ વેતન વિના માત્ર ભોજન પ્રાપ્તીનાં બદલા માંજ જન્મભૂમિની રક્ષા કરવાને માટે રણભૂમિમાં કુદી પડે છે. ભૂમિયા લોકો દીર્ઘકાળથી એવો વાંધો ઉઠાવતાં આવ્યાં છે કે મહારાણા અમારી પાસેથી કર લે છે એ કોઇ પ્રકારે ઉચિત નથી. અમે યુદ્ધકાર્યમાં વેતન લીધા વિના સહાય કરીએ છીએ માટે કરમાંથી અમને ન્યાયપૂર્વક મૂક્તિ મળવી જોઇએ.

આ ભૂમિયા લોકો પોતાની ભૂમિને માટે મહારાણાની પાસેથી કોઇ પણ પ્રકારનો પટ્ટો લેતા નથી. પટ્ટા વિનાની ભૂમિ પર અધિકાર ભોગવવો એને આ ભૂમિયા લોકો સન્માન અને ગોરવનો વિષય ગણે છે. 'માકા ભૂમ' અર્થાત્ મારી ભૂમિ એ વચનો ભૂમિયા લોકોનાં મુખમાંથી સદા ગર્વ સહિત નીકળે છે.

રાજસ્થાનમાં ભૂમિયાઓનો અધિકાર એટલો સન્માન સૂચક છે કે પ્રધાન સામંતો સુદ્ધા એ પ્રકારનો અધિકાર પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. સાધારણ રીતે પટ્ટા દ્વારા પ્રાપ્ત કરેલી ભૂમિ પર જે અધિકાર મળે છે. તેનાં કરતાં ભૂમિયાઓનો અધિકાર વધારે વિઘ્નરહિત અને દીર્ઘસ્થાયી છે. આ કારણથી સામંતો આ પ્રકારનો અધિકાર પ્રાપ્ત કરવાને માટે સદા પ્રયત્નશીલ રહે છે.[૩૨]

ઇતિહાસવેતા હેમલ આ પ્રકારના લોકો માટે જણાવે છે કે : "આ ભોમિયાઓને વંશપરંપરાગત ભૂમિ પ્રાપ્ત થાય છે તેઓ કોઇ પ્રકારનો કર આપવાને બંધાયેલા નથી તેઓ પોતાની ભૂમિ સમાન હકે પુત્રોને વહેંચી આપે છે. અને અપુત્ર મરણ પામે તો તેમની જ્ઞાતિને ભૂમિ વહેંચી લેવાની સત્તા ધરાવે છે. આ ભોમિયાઓ જણાવે છે કે આ ભૂમિ ઉપરનો અધિકાર રાજ્યની સ્થાપના થઇ ત્યારથી જ ચાલું છે."

આ ભોમિયાઓએ મેવાડનાં મહારાજાનું ગુમાવેલું રાજ્ય પાછું અપાવેલું છે. મેવાડ રાજ્યની શરૂઆતની પ્રાચીન અવસ્થામાં પ્રાચીન રાણાના વંશના ભોમિયાના નામથી પ્રખ્યાત હતાં. રાણા શ્રી સંગના શાસન સમયની પૂર્વ આ પ્રાચીન રાજવંશની અવનતી (પડતી) થઇ. પાછળથી રાણાનાં વંશ સામંત પદ પર અભિષિત થઇ મહાસન્માનને પાત્ર થવાથી આ પ્રાચીન ભોમિયા લોકોનું સામર્થ્ય, પ્રતાપ, પ્રભુત્વ વિલુપ્ત (નાશ) થયું અને તેઓ સાધારણ ભોમિયાનાં નામથી પ્રખ્યાત થયાં.[૩૩]

આ રીતે ઇતિહાસવેત્તા હેમલનાં કથન સંશોધનનાં આધારે જોઇએ તો તથા આજે પણ મહેર સમુદાય જમીન ભોગવટો ત્યારની પ્રણાલીને મળતો આવે છે આજે પણ મહેરો પોતાની જમીન પુત્રોને સમાન ભાગે જ વહેંચી આપે છે. બંનેનું સામ્ય જોતાં આ ભોમિયા લોકો મહેર પૂર્વ આ નામથી ઓળખાતાં હશે અને પાછળથી 'મહેર' તરીકેની નામનાં મેળવી હશે.

આમ ઇ.સ.૭૭૦ના વલ્લભીના વિનાશ પૂર્વેથી આજ પર્યંત આ જાતિ ભલે વિવિધ નામો ધારણ કરતી રહી. આ જ પંજાબમાંથી ઉતરી આવેલ મારવાડ રાજસ્થાનમાં રાજપૂતોએ ધર્મની, દેશની, સભ્યતાની, સંસ્કૃતિની સર્વસ્વના ભોગે રક્ષા કરી નિર્બળ, નિઃસહાય અને નિરાધારોની, મહામૂલાં બલિદાનો આપી વહાર કરી. આજ વાંચતા પણ હૃદય કંપી જાય, તેવા જોહર અને કેશરિયાનાં અભૂતપૂર્વ ઇતિહાસ સર્જ્યો. વીરતા શૌર્ય, વચનપાલન, ટેક, દાન અને દિલેરીની પ્રણાલિકાઓ પાડી વિદેશી અને વિધર્મી આક્રમણ સામે પહાડ શી અડગ દિવાલ

બની દેશની રક્ષા કરી. આવી વીર જાતિ એ જ આજનાં મિહિર-મહેર, પછી તે ભલે શક, મેદ-મેડ-ભોમિયા કે મિહિર-મેર તરીકે વિવિધ સમયે, વિવિધ નામે ઓળખાતી રહી. આ જાતિમાં ક્ષત્રિયોની પ્રણાલિકાઓ હતી. ક્ષત્રિયોની ઉચ્ચ સંસ્કારો હતાં અને જ્યારે તેમનામાં વીર ક્ષત્રિય પૂર્વજોનું શુદ્ર લોહી હતું ત્યારે જ તેમણે જગતનાં ઇતિહાસમાં અજોડ એવી વીરતા અને આત્મભોગની વિરલ તવારીખ સર્જી છે.

આ રાજસ્થાન અને અજમેરનાં રજપૂતોમાંથી જ મહેરકૂળ ઉતરી આવ્યા છે. ઇલિયટ લખે છે કે "અજમેરનાં મેર તથા સૌરાષ્ટ્રનાં મેર એક જ કુળનાં છે. મેડમાં "ડ" નો ઉચ્ચાર "વાડ" માં "ડ" નો ઉચ્ચાર એવો થાય છે. અને "ડ" અને "ર" વચ્ચે કોઇ ફેર નથી તેથી મેડ માંથી મેર થઇ ગયા, ઉત્તર સિંધમાં મહેરનામની જાતિ વસે છે તે પણ આજ કુળનાં મહેર છે."[૩૪]

અજમેરનાં મેર બાણાવટી હતાં અને પૃથ્વીરાજ ચૌહાણનાં સૈન્યમાં રહી બડેલાં બ્રિટિશ હકુમત અજમેરમાં થઇ ત્યાં સુધી તેઓ એ તેમનું ખમીનર જાળવી રાખ્યું હતું અને તેમને કચડી નાંખવાનું બ્રિટિશરોને મુશ્કેલ બન્યું હતું એવો ઉલ્લેખ પણ વાંચવા મળે છે.

**★ મહેરોનાં સમય વિશે વિવિધ અનુમાન - સંશોધનો :-**

સૌરાષ્ટ્રનાં પશ્ચિમ વિભાગમાં જ્યાં-જ્યાં મહેરોની વધુ વસ્તી ધરાવતા ગામડા છે એવા બરડા પ્રદેશમાં જૂનાગઢ, પોરબંદર અને જામનગર જિલ્લામાં આ મહેર પ્રજા મુખ્યત્વે ખેતી સાથે સંકળાયેલી રહી છે. આ બરડા પ્રદેશ વિશે એવી દંતકથા પ્રચલિત છે કે શ્રીકૃષ્ણનાં પુત્ર પ્રદ્યુમને કાલકેતુનાં 'બરડા' ઉપર પર્વત મૂક્યો તેથી તે બરડો કહેવાયો બરડાનું ત્યારે જે બંદર કહેવાતું તે પોરબંદર કે તેની સમીપે બરડિયા ગામ છે તે હોવાનો સંભવ છે. આમ આ બરડો પુરાતન કાળથી પ્રસિદ્ધ છે. આ બરડા વિસ્તારની પૃષ્ઠે બરડાની પર્વતમાળા હોવાથી પણ આ વિસ્તારનું નામ બરડો પડ્યું હોવાનો સંભવ છે.

આ બરડા વિસ્તારમાં અને સૌરાષ્ટ્રમાં મહેરો ક્યારે આવ્યાં અને ક્યાંથી આવ્યાં તે માટે વિદ્વાનોએ અનેક તર્કો કરી નિર્ણય લીધો છે. છતાં પણ હજી સુધી તે પ્રજા ક્યાંથી અને ક્યારે

આવી તે ચોક્કસ કહી શકાયું નથી અહીં આપણે વિવિધ વિદ્વાનોનાં સંશોધનનાં આધારે મહેરો ક્યારથી અસ્તિત્વમાં આવ્યાં તે જોઈએ.

- સૌ પ્રથમ આપણે મહેર કોમનાં ચારણ-ભાટ-બારોટોનાં ચોપડાનાં આધારે જોઈએ તો આ લોક ઇતિહાસકારો-કથાકારો મહેરનાં મૂળ રામચંદ્રજી એટલે કે રામાયણના સમયમાં લઈ જાય છે. તેઓનું કહેવું છે કે જયારે શ્રી રામચંદ્રજી લંકા ઉપર આક્રમણ લઈ ગયા ત્યારે પોતે બાંધેલા સેતુનો કોઈ નાશ ન કરે તે માટે તેના વાસાંમાંથી એક વાળ ખેંચી તેમાંથી એક પુરુષને ઉત્પન્ન કર્યો. તેણે તેનો ધર્મ બરોબર બજાવ્યો ત્યારથી તેનો જે વંશજો થયા તે કેશવાલા મહેર.
- બારોટો-વાર્તાકારોનાં એક મંતવ્ય પ્રમાણે સિંધમાં હિંગળાજ માતાનું સ્થાનક છે. ત્યાં સોનિગ મેર નામનો એક સરદાર રહેતો. કોઈ કારણસર તેણે સિંધ છોડી સૌરાષ્ટ્રનાં સિમાડે નળકાંઠામાં નિવાસ કર્યો તેને સોળ પુત્રો હતા. તેમાં સૌથી મોટો નરવાન હતો તથા તેનાથી નાનો ધાન અથવા ધાંડ હતો. આ ધાંડે ધંધુકા વસાવ્યું ક્યાં વર્ષમાં ધંધુકા વસ્યું તે ઇતિહાસકારો કહેતા નથી પરંતુ અન્ય પ્રમાણોથી જણાય છે કે ઇ.સ.૧૧૭૪માં જયારે તળાજાના વાલમ બ્રાહ્મણો ધંધુકા ગયા ધન મેરે તેને ધંધુકા અર્પણ કર્યું એ વિધાનને પ્રમાણભૂત ગણીએ તો ધન મેર ઇ.સ.૧૧૭૪ માં હયાત હતો. આ બંને વિદ્વાનો ધ્યાનમાં લેતા જણાય છે કે રામના વંશજ કેશવાલા હોય તો મહેર ઇ.સ.પૂર્વેથી જ હયાત હશે. જેને કર્નલ ટોડે કચ્છ વાહા કહ્યા છે. બીજું વિધાન ઇ.સ.૧૧૭૪ માં ધન મેર હયાત હતો એ પ્રમાણભૂત માની શકાય ઇ.સ.ની બારમી સદીમાં મહેરો હયાત હશે અને મહેર તરીકે ઓળખાતા હશે.
- આ ઉપરાંત આપણે આગળ જોઈ ગયાં તેમ ઇ.સ.૧૨૦૩ માં ટીંબાણાના તામ્રપત્રથી જ્ઞાત થાય છે કે ત્યાં જગમાલ મહેર નામનો રાજા થઈ ગયો હતો. આમ આ તામ્રપત્ર અને ધન મેર ધંધુકાના સમય વચ્ચે ઝાંઝુ અંતર નથી ૨૭ વર્ષનો તફાવત રહે છે જે સામાન્ય છે અને તેના પરથી ઇ.સ.ની બારમી-તેરમી સદીમાં 'મહેર' તરીકે આ પ્રજા ઓળખાતી એ ચોક્કસતાથી કહી શકાય.

➢ ઇ.સ.૧૨૧૬ નાં જાફરાબાદ પાસેનાં શિયાળ બેટનાં એક લેખમાં જણાવ્યું છે કે શિયાળબેટમાં રણસિંહ નામનો રાજા હતો.

➢ ઇ.સ.૧૩૩૦માં હાથસણીનાં લેખમાં પણ મહેર રાજા ઠેપકનો ઉલ્લેખ આવે છે.

➢ ઇલિયટ વિશેષમાં એવું પણ વિધાન કરે છે કે "મીના જાતિ ચાંચિયાગીરી માટે પ્રસિદ્ધ હતી. મેરો પણ નાવિકો હતાં. અને સિંધના બંદરો ઉપર નાગરતાં વહાણોને તેમની ધાક લાગતી એટલે આ મીના પણ મેરની જાતિનાં હશે. તેના સમર્થનમાં તે કહે છે કે ઇ.સ.પૂર્વ ૩૦ થી ૨૦ વચ્ચે મેરો ઉત્તર સિંધમાં ગયાં અને એક નવું નગર સ્થાપી તેનું નામ મીનનગર પાડ્યું."(૩૪) કે જે આજે પોરબંદરથી ૩૫ કિ.મી. દૂર મિયાણી નામનું ગામ છે તે તેનું મૂળ નામ મીનનગર હોવાનું કાઠિયાવાડ ગેઝેટીયરમાં નોંધાયું છે. મેરો પણ ત્યાં જ વસ્યાં છે અને આજે પણ વસે છે.

આ ઇલિયટનાં વિધાનને જો પ્રમાણભૂત માનીએ તો મહેરો ઇ.સ.પૂર્વેના સમયમાં હશે. અને રામાયણનાં સમયકાળથી ચાલ્યાં આવ્યાં હશે પણ ઉપર્યુક્ત શિલાલેખોના આધારે કહી શકાય કે ઇ.સ.ની ૧૧મી-૧૨મી શતાબ્દીમાં મહેર પ્રજા સૌરાષ્ટ્રમાં આવી હશે.

➢ મેજર વોટસન માને છે કે મેરો સૌરાષ્ટ્રમાં જેઠવાઓ સાથે આવ્યાં અને તેમણે "મેર" (ખંડણી) આપી માટે "મેર" કહેવાયા.

જેઠવાઓ સૌરાષ્ટ્રમાં ક્યારે આવ્યાં તેનાં વિશે પણ મતભેદો છે. કર્નલ ટોડ જણાવે છે કે તેઓ આઠમી સદીમાં કંવર કહેવાતાં. પણ આ વિધાનને સમર્થન મળતું નથી બીજી માન્યતાં એવી છે કે જેઠવા નક્ષિસપુરનાં પ્રતિહાર કુળનાં છે તથા ઇ.સ.૯૦૦ માં નક્ષિસપુરમાં બલવમાં રાજ કરતો હતો. પણ આ વિધાન યોગ્ય નથી કારણ કે પ્રતિહારો અગ્નિવંશીય હતાં જ્યારે જેઠવાઓ કપીવંશી છે.

જેઠવાઓ ભૂભૃતપલ્લી કે ભુંભલીમાં ઇ.સ.૭૭૦ માં રાજ કરતાં અગ્ગુક સૈધવના વંશમાંથી ઉતરી આવ્યાં તેવી પણ માન્યતા છે. આ વિધાન વિચારવા જેવું છે કારણ કે જેઠવા ધુમ્બલીમાં કે ભુંભલીમાં રાજ કરતાં બીજું સૈંધવોનું રાજ્ય પણ ત્યાં હતું અને ત્રીજું જેઠવાઓને મૂળ પુરુષ મકરધ્વજ હતો. અને સદૈવોનું રાજ્યચિહ્ન મત્સ્ય હતું ધુમલી પ્રદેશને જેષુકા પ્રદેશ કહેવાતો.

તો બીજી તરફ સૈધવનો મૂળપુરુષ પુષ્યણ ઇ.સ.૭૩૫ આસપાસ આ પ્રદેશમાં આવ્યો તે પહેલાં જેઠવાઓ સૌરાષ્ટ્રમાં વસતાં તેના અનેક પ્રમાણો મળે છે. તેથી જો મહેર જેઠવાઓ સાથે આવ્યાં હોય તો તેઓ સૌરાષ્ટ્રમાં ઇ.સ.૭૩૫ પહેલાં આવેલાં હોવા જોઇએ.

- મંજમુલ-ત-તવારિખ નામનાં ગ્રંથમાં આપણે આગળ જોઇ ગયાં તેમ જાટ અને મેડ લોકો સિંધુનદીને કાંઠે વસતાં અને દુર્યોધનનાં પક્ષે રહીને આ મેડ લોકો લડ્યાં તેવો ઉલ્લેખ મળે છે. જો આ માહિતી પ્રમાણે જોઇએ તો મહેર પ્રજા ઇ.સ.પૂર્વેથી સિંધમાં વસી હશે અને ઇ.સ.૮૩૬ માં અમરાનનાં ત્રાસથી આ મહેર પ્રજા સિંધ છોડી કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઉતરી આવી.
- મુરૂઝુલ ઝહાબના લેખક અલમસુદી નોંધે છે કે ઇ.સ.૯૧૫માં તે જ્યારે સિંધમાં ગયો ત્યારે મનસુર વાસીઓ ઉપર મેદોનાં આક્રમણ ચાલું હતાં.
- ઇ.સ.૧૧૯૩માં લખાયેલ અશ કલુલ બિલાદનાં લેખક ઇલ્નહૌકલ લખે છે કે "મેદો સિંધુને કિનારે વસે છે અને પશુપાલનનો વ્યવસાય કરે છે તેઓ ઇસ્લામ સ્વીકારતા નથી."

ઉપર્યુક્ત ત્રણેય વિધાનો જોતા જણાય છે કે આ મહેર પ્રજા પ્રથમ મેદ તરીકે ઓળખાતી હોય તો પણ ત્રણેયનાં મંતવ્યો જુદા પડે છે. કદાચ એવું પણ બન્યું હોય કે આ મેદ-મેડ પ્રજાનો કેટલોક સમુદાય સ્થળાંતર કરીને નવમી સદીમાં સૌરાષ્ટ્રમાં ઉતરી આવ્યો હોય જ્યારે કેટલોક સમુદાય ત્યાં ટકી રહ્યો હોય અને પાછળથી બળવાની બનીને આક્રમણ શરૂ કર્યા હોય.

## ★ મહેર સ્થાપત્ય :

પચ્ચાસેક વર્ષ ઉપર સંશોધન માટે આવેલાં પહેલાં અને છેલ્લાં સરકારી પુરાતત્વ વેતા કઝીન્સનને ધુમલીને પાડોશનાં ગોપ અને બીલેશ્વરમાં વિચિત્ર આકાર-પ્રકારનાં પ્રાચીન મંદિરો મળી આવ્યાં હતાં. ચોરસ આકારનાં મિનારા અને છેક ઉપર પીરામીડ ઘાટનાં ધુમ્મસ નીચે બેસાડેલી સૂર્યની પ્રતિમા ગોપનાં મંદિર ઉપરના લેખમાં લખેલી લીપી ઉપરથી કઝીન્સનને નક્કી કર્યું કે આ મંદિરો જરૂર છઠ્ઠા સૈકા પહેલાના છે. ખૂબી તો એ છે કે આખા હિન્દમાં માત્ર કાશ્મીરમાં આને મળતાં આકારના મંદિરો મળ્યાં છે. પણ તે બારમાં સૈકાના છે. સૌરાષ્ટ્રનાં આ વિચિત્ર મંદિરો હિન્દી સ્થાપત્યનાં ઇતિહાસમાં નવો કોયડો ઉભો કરે છે. ધુમલીના પાડોશને લઇને કઝીન્સને નવું મંતવ્ય રજૂ કરેલ છે કે આ મહેર જાતિએ બંધાવેલા સૂર્યમંદિરો છે.(૩૫)

જો આ સૂર્યમંદિરો છઠ્ઠા સૈકાનાં હોય અને તે મહેરો એ બંધાવેલા હોય એમ માનીએ તો સ્વીકારવું પડે કે મહેર પ્રજા છઠ્ઠા સૈકા પહેલાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવીને વસી ગઇ હશે.

આ બધા સંશોધનોનાં આધારે જોતા જણાઇ આવે છે કે મહેર પ્રજા ઇ.સ.આઠમી-નવમી સદીમાં સ્થળાંતર કરતી કરતી બરડામાં સૌરાષ્ટ્રમાં વસી હશે. જ્યારે અગિયારમી-બારમી સદીમાં તો તેના સ્પષ્ટ ઉલ્લેખો મળે છે. આમ, આ મહેર પ્રજા આઠમી સદીનાં અંતભાગથી દસમી સદીનાં આરંભ સુધીમાં સૌરાષ્ટ્રમાં આવીને વસી હશે.

### ★ રજપૂતોની છત્રીશ શાખાઓ :

મહેર પ્રજા રાજપૂત વંશમાંથી પડિહારોની વિવિધ શાખાઓમાંથી આવેલી પ્રજા છે. પછી તે ભલે મિહિર-મહેર કે મૈત્રકનાં નામ ધારણ કરતી આવી હોય. આ પડિહારો રાજપૂતોની હસ્તલિખિત પ્રતમાં શ્રી માલદેવ રાણા કેશવાલા આ છત્રીસ કુળોને આ પ્રમાણે દર્શાવ્યાં છે.

(૧) ઇશ્વાકુ (૨) સોમ (૩) સૂર્ય (૪) યદુ (૫) ચૌહાણ (૬) પરમાર (૭) સોલંકી (૮) પડિહાર (૯) ચાવડા (૧૦) ડાંડિયા (૧૧) રાઠોર (૧૨) ગોહિલ (૧૩) ડાવી (૧૪) મકવાણા (૧૫) નટુકા (૧૬) અસુરિયા (૧૭) સિલાર (૧૮) સિન (૧૯) સંપટ (૨૦) હુણ (૨૧) કિરબાલ (૨૨) હુરૈર (૨૩) રાજપાલી (૨૪) ધાનપાલી (૨૫) અગ્નિપાલી (૨૬) વલા (૨૭) કલા (૨૮) ભાગડોલ (૨૯) મોતદાન (૩૦) મેહર (૩૧) કુગૈરધ (૩૨) કુજિયાધ (૩૩) ચાડિયા (૩૪) પોકરા (૩૫) નિકુમ્પ (૩૬) સુલાલ[(૩૬)]

આજ પુસ્તકમાંથી શ્રી માલદેવ રાણા દેશવાલા રાજપૂતોનાં છત્રીસ વંશની નામાવલીઓનો ઉલ્લેખ પૃ.૧૩૭ ઉપર આ પ્રમાણે કરે છે.

(૧) ગુર્જર (૨) ગેહલોત (૩) ગોહિલ (૪) ચાવડા (૫) ચુંડાવત (૬) ચુડાસમા (૭) ચૌહાન (૮) ઝાટ (૯) જાડેજા (૧૦) યાદવ (૧૧) જેઠવા (૧૨) મિહિર (મહેર) (૧૩) રાઠોડ (૧૪) ઝાલ (૧૫) તુંઅર (૧૬) પડિહાર (૧૭) પરમાર (પવાર) (૧૮) બીહોલા (૧૯) સોલંકી (૨૦) મદી ભાટી (૨૧) મકવાણા (૨૨) બોઘા રાઠોડ (૨૩) વાઘેલા (૨૪) વાલા (૨૫) વીરપંરા (૨૬) સૈંઘવ (૨૭) સિસોદિયા (૨૮) સીંઘલ (૨૯) સોઢા (૩૦) હાડા (૩૧) કછવાહા (૩૨) આભીવર (૩૩) કાઠી (૩૪) અનીગ (૩૫) ગૌડ (૩૬) ગૌડ

આ છત્રીસ કુળને જગદીશ ગેહલોત આ પ્રમાણે બતાવે છે.

"Gurjar, Mihir, Mer, Gehlot, Gohel, Chavda, Chudavat, Chudasama, Chauhan, Bhatt, Jadeja, Yadav, Jethwa, Jodha, Rathod, Zala, Tunur, Padhihar, Parmar, Bihoka, Solanki, Jat, Makwana, Vaghela, Vala, Virpura, Saidhav, Sisodiya, Sindhal, Sodha, Hada, Kuctchcha, Abhivar, Kathi, Aning, Gund and Tank"(૩૭)

"રાજસ્થાનનો ઈતિહાસ" નાં લેખક શ્રી કર્નલ ટોડ આ કુળોની માહિતી આ પ્રમાણે આપે છે.

(૧) ઈસ્વાકુ કાકુત્સ્ય વા સૂર્ય, (૨) ઈન્દુ, સોમ વા ચંદ્રાન્વય, (૩) ગહિલોત વા ગેહલોત શાખા (૪) યદુ, શાખા-૪ (૫) તંવર શાખા - ૧૭, (૬) રાઠોડ, શાખા-૧૩, (૭) કુશવાહા વા કછવાહા, (૮) પરમાર શાખા-૩૫, (૯) ચાહુમાન વા ચૌહાન શાખા-૨૬, (૧૦) ચાલક્ક વા સોલંકી શાખા-૧૬, (૧૧) પડિહાર શાખા-૧૨, (૧૨) ચાવડા શાખા-૧, (૧૩) ટાક વા ટાંક વા તક્ષક, (૧૪) જાુટવા જેટી (જાટ), (૧૫) હન વા ગુણ (૧૬) કાઠી (૧૭) બલ્લા (૧૮) ઝાલા શાખા-૨ (૧૯) જેઠવા કા કામરી (૨૦) ગોહીલ (૨૧) સવૈયા (૨૨) સિલાર (૨૩) ડાભી (૨૪) ગૌડ : શાખા-૫, (૨૫) ડોડ વા ડોડ, (૨૬) ગેહરવાલ (૨૭) બડગુજર શાખા-૩ (૨૮) સેંગર - શાખા-૧ (૨૯) સીકરવાલ શાખા-૧ (૩૦) બૈસ શાખા-૧ (૩૧) ડાહિયા (૩૨) જોહિયા (૩૩) મોહિલ (૩૪) નિકુમ્પ (૩૫) રાજપાલી (૩૬) દાહિમા શાખા-૧(૩૮)

આ રીતે કર્નલ ટોડે છત્રીસ રાજકુળોના નામ તથા તેની પેટા શાખાઓ પણ આપી છે. શ્રી માલદે બાપુ શ્રી જગદીશ ગેહલોત તથા કર્નલ ટોડના આ છત્રીસ કુળોમાં કેટલીક શાખાઓમાં પણ તફાવત છે તો આ ત્રણેય સંશોધનકારોનાં સંશોધનમાં મેહર, મિહિર, પડિહાર એ નામે મહેર કુળનો ઉલ્લેખ આવે છે. તો મહેરોની પેટાશાખાઓ પણ જે કુળોમાંથી જુદી પડીને મહેર સાથે ભળી તેનાં કુળોનો ઉલ્લેખ પણ છે જેમ કે સિસોદિયા, જેઠવા, ચૌહાણ વગેરે.

**★ વિવિધ લેખો :**

મૈત્રક-મિહિર-મહેર-મેર પ્રજાના વિવિધ સંશોધનો બાદ એવા તારણ ઉપર આવી શકાય કે પડિહાર-મૈત્રક એજ આજની મહેર પ્રજા. આ મહેર પ્રજામાં ઉલ્લેખ વિવિધ તામ્રપત્રો લેખો,

સામયિકો, ઇતિહાસકારોનાં લેખો કે લખાણો ઉપરથી જાણી શકાય છે. આવા વિવિધ લેખોનું સંપાદન શ્રી માલદે રાણા કેશવાલાએ પોતાનાં પુસ્તક 'મહેર જવામર્દ' પૃ.૩૯માં કર્યું છે. તેમાંના ઘણા લેખ અહીં લેવામાં આવ્યા છે. જેમાંથી મહેર પ્રજા વિશે ઘણું જાણવા મળે છે.

**લેખ ક્રમાંક -૧**

વડોદરાનું દાનપત્ર શક સંવત ૭૯૩ (વિક્રમસંવત ૯૨૭) નું છે તે વખતે જે ગેઝેટીયરનો ગુજરાતનો ઇતિહાસ લખાયો ત્યારે એ ક્યાંય પણ છપાયું નહોતું પણ પંડિત ભગવાન લાલ પાસે હતું. આ દાનપત્ર તેમણે બ્રિટિશ મ્યુઝિયમમાં આપેલું. (જુઓ મુમ્બઇ ગેઝેટ ગ્રંથ-૧, ભાગ-૧, પૃ.૧૨૭) આ તામ્રપત્રમાં ધૃવે પોતાનાં વિફરેલાં બંધુઓને શાંત કર્યા હતાં તેનું લખાણ છે. પરંતુ એ વખતે ધૃવની સામે માત્ર બંધુઓની જ આફત નહતી. પણ એક તરફથી રાષ્ટ્રકુટની શાખાનો રાજા વિમુખ થઇ બેઠો હતો. અને બીજી તરફ પ્રબળ ગુર્જરોનું સૈન્ય ચડી આવ્યું હતું ત્યારે ધૃવના ભાઇઓ પણ સામે થઇ ગયા હતાં એ બધુ ધ્રુવની તલવારથી શાંત થયું. (માળવા અને ગુજરાત વચ્ચેનાં પ્રદેશોમાં વસતા લોકો ગુર્જર તરીકે ઓળખાય છે. નાગાવ લોકનાં વંશનાં કાન્યકુમ્બજના પ્રતિહારો (પડિહારો) એટલે ગુર્જરો).

આ તામ્રપત્રમાં લખેલું છે કે જેનું તેજ દસે દિશામાં વ્યાપી ગયું છે એવો મિહિર (મહેર) પણ બીજા ધ્રુવની રાજાની ઉન્નતિ જોઇ શાંત થઇ ગયો.

સંસ્કૃતમાં મિહિરનો અર્થ સૂર્ય થાય છે પણ બીજા ધ્રુવે હરાવ્યો એવો ઉલ્લેખ છે તો આ મિહિર એટલે કોણ? આ મિહિર તે કાઠિયાવાડનો મહેર ઠાકોર.

મહારાજા શિલાદિત્યના વખતમાં (વિ.સં.૫૮૦ ઇ.સ.૫૨૪) માં વલ્લભીનું પતન થયું અને એ સાથે જ કાઠિયાવાડનાં મહેર ઠાકોર જોરમાં આવ્યા એમ પંડિત ભગવાનલાલ મુમ્બઇ ગ્રંથ-૧, ભા-૧, પૃ.૧૨૭ ને આધારે કહે છે. આ મહેર તે કાવ્ય કુબમ્જનો પ્રતિહાર રાજા મિહિર ભોજ, કનોજના પ્રતિહાર વંશનો આ ભોજ સતિ પરાક્રમી રાજા હતો. વિ.સ.૮૯૬ થી ૯૪૬ સુધી તેણે રાજ્ય કર્યું. તે ધ્રુવ બીજાનો સમકાલીન હતો. આ મહેર ભોજ રાજાએ કનોજ રાજ્યનો ખૂબ વિસ્તાર વધારેલો, એના રાજ્યને 'સામ્રાજ્ય' કહી શકાય એમ શ્રી વી.સ્મીથે નોંધ્યું છે.

(અર્લી હિસ્ટરી ઓફ ઇન્ડિયા, આવૃત્તિ-૩, પૃ.૩૧૯)

**લેખ ક્રમાંક-૨**

ટોડ રાજસ્થાનનાં ઇતિહાસમાં નોંધાયેલું છે કે મારવાડમાં મહેરનાં પરગણાંની વાર્ષિક ઉપજ એક લાખની હતી.

મહેરોના સંસ્થાનો ઉત્તરે ચંબલ નદીથી દક્ષિણે સૌરાષ્ટ્ર મુલક સુધી હતાં હાલ એ જ મારવાડા મેવાડના રાણાના તાબામાં છે. મારવાડના મેરોના બધા હથિયારોને મેવાડનાં પાયતખત રાજનગરમાં એક ખાસ ઝરૂખામાં રાખવામાં આવ્યાં છે.

**લેખ ક્રમાંક-૩**

વલ્લભીપુરનાં ઇતિહાસમાં ધર્મનું પ્રકરણ ખૂબ જ મહત્ત્વનું છે એ દેશનાં મૈત્રક વંશી (મૈત્રક તે મહેર) વંશી રાજકર્તાઓ સર્વધર્મ સમભાવી હતા. મૈત્રક વંશના રાજાઓ શિવમાર્ગી હોવા છતાં વૈષ્ણવ, બૌદ્ધ, જૈન તથા સૂર્યપૂજક પ્રત્યે પણ ઉદાર દિલથી જોતાં. કોઇપણ ધર્મ કે પંથનાં અનુયાયીઓને તેમની વિદ્વતા માટે રાજ્ય અને રાજા તરફથી બિન પક્ષપાતી સન્માન, સદ્‌ભાવ અને સહાયતા મળતાં અને સત્યને સદા વર્ચસ્વ અપાતું. આ ધાર્મિક ઉદારતાને પરિણામે મૈત્રક રાજાઓનાં રાજ્યમાં પ્રજા રાજ્ય પ્રેમી, સુખી અને સમૃદ્ધ હતી એ મૈત્રક રાજાઓનાં તામ્રપત્રો ઉપરથી નક્કી થાય છે.

આ વંશમાં બે-ત્રણ અપવાદોને બાદ કરતાં બધા જ રાજા શિવમાર્ગી હતા. એ બાબત તામ્રપત્રો પર દોરેલા નંદી અને ત્રિશુલ પરથી સાબિત થાય છે. વલ્લભીનાં મૈત્રક રાજાઓમાં લગભગ સો ઉપરાંત તામ્રપત્રો મળી આવ્યાં છે.

આ સમયે જૈન ધર્મનાં આદ્યાપકો હયાત હતા. તેમને ધર્મ ભાવનાનો લોપ થવાનો ભય હતો. આથી તેમણે લોપ થતાં ધાર્મિક સિદ્ધાંતોની જ્યોત જલતી રાખવા સભાઓ ભરી હતી. આવી સભાઓમાં વલ્લભીપુર અને મથુરાની સભાઓ પ્રસિદ્ધ છે.

અજમેર ચૌહાણ રાજા અજયપાલે (ઇ.સ.૧૧૭૪-૧૧૭૭) કિલ્લો બંધાવ્યો તેથી તેનાં નામ ઉપરથી શહેરનું નામ અજમેર થયું એમ ચૌહાણ લોકો કહે છે. પરંતુ એ ખરૂં લાગતું નથી. પાંચમાં અને આઠમાં સૈકા દરમિયાન મહેર લોકોનું જોર હતું. તેમના નામ ઉપરથી અજમેર નામ પડ્યું હશે એમ લાગે છે.

કુ.કૃષ્ણકુમારી જે. વીરજી
(શારદા લોકસાહિત્ય વિશેષાંકો, જુલાઇ-૧૯૪૩)

**લેખ ક્રમાંક-૪**

મારવાડનાં માનસિંહ મહારાજાએ ઇ.સ.૧૮૧૭માં અંગ્રેજ સરકાર સાથે સંધિ કરી એ પછીનાં એક વર્ષ બાદ બ્રિટિશ સરકારનાં પ્રતિનિધિ તરીકે અજમેરનાં સુપ્રિટેન્ડેન્ટ વિલ્કર જોધપુર ગયા અને રાજ્યની વ્યવસ્થા કેવી છે તેનું નિરીક્ષણ કર્યું. ઇતિહાસવેતા કર્નલ ટોડે લખ્યું છે કે આ સમયે મહારાજા માનસિંહને રાજ્ય સુધારણા બાબતે નીચે મુજબ લક્ષ આપવાની જરૂર હતી. તેમાં સાત કલમો હતી. આ કલમો પૈકી છઠ્ઠી કલમમાં એવો ઉલ્લેખ છે કે મારવાડના દક્ષિણ ભાગમાં મહેર લોકો વસે છે તેઓ અનેક પ્રકારનાં ઉપદ્રવ કરે છે તેથી રાજ્યની પોલીસની સંખ્યામાં વધારો કરવો જોઇએ. બ્રિટિશ સરકાર સાથે મહારાજા માનસિંહે સંધિ કરી એ પછી માનસિંહને એવું જાણવા મળ્યું કે મારવાડના પહાડી મેર અતિ ઉદ્દત અને તોફાની છે. આ મહેર લોકો જોધપુર રાજ્યમાં જઇ અનેક ઉપદ્રવ કરે છે તો તેને તાબે કરવાની અમારી અભિલાષા છે અને એ કામ પાર પાડવા માટે અંગ્રેજ સેનાનું એક દળ ઉભું કર્યું છે. આ પહાડી મેરને દાબવા માટે એ જુદી લશ્કરી ટુકડી પણ રાખવી પડશે. અને તેના ખર્ચ પેટે પ્રતિવર્ષે પંદર હજાર રૂપિયા આપવા પડશે. મેરવાડામાં મહારાજ માનસિંહના બે પરગણાનાં એવા છે તે મહારાજાએ એમને આઠ વરસ સુધી આપવા પડશે.

મહારાજા માનસિંહે એક શબ્દ બોલ્યા વિના આ શરત કબૂલ કરી તે વખતે પોલીટીકલ એજન્ટ એફ.વિલ્ડર હતાં. બ્રિટિશ સરકાર તરફથી ફરી જાણ કરવામાં આવી કે મહેર લોકોને દબાવવા માટે સેના કાયમ રાખવી પડશે માટે બીજા સાત ગામો નિયમાનુસાર આપવા પડશે.

મહારાજા માનસિંહ બ્રિટિશ સરકારને સંતુષ્ટ રાખતા આવ્યા અને વિલંબ કર્યા વિના ઇ.સ.૧૮૩૯ના ઓક્ટોબરની ૨૩મી તારીખે નવા સંધિપત્ર પર મહારાજા માનસિંહ તરફથી તેમના વકીલ સવાઇ રામ વ્યાસે અને સરકારનાં તરફથી એચ.ડબલ્યુ ટ્રેવેલિયને હસ્તાક્ષર કર્યા.

મહારાજા માનસિંહે ઇ.સ.૧૮૪૩માં સપ્ટેમ્બરની પાંચમી તારીખે પુત્રહિન અવસ્થામાં શરીર ત્યાગ કર્યો.

**લેખ ક્રમાંક-૫**

સેનાપતિ ભટ્ટાર્કનું તામ્રપત્ર મળ્યું નથી પણ તેના પુત્ર ધ્રુવસેનનું વલ્લભી અથવા સં.૨૦૭ (ઇ.સ.૫૨૬) તામ્રપત્ર પરથી માલુમ પડે છે કે મૈત્રિકો કે જેમણે બળજબરીથી પોતાનાં દુશ્મનોને તાબે કર્યા હતા. મોટા અને બળવાન લશ્કર ઉપર સેંકડો ઘા કરીને એણે કીર્તિ મેળવી, મૈત્રિકોનો અર્થ સૂર્યવંશી થાય છે. આ મૈત્રકો મહેર જાતિનાં લોકો હતાં. આ મહેર જાત એક વખત કાઠિયાવાડમાં ઘણી પ્રબળ હતી. આ મહેર જાત હજી પણ કાઠિયાવાડનાં વાયવ્ય કોણમાં બરડા પર્વત આગળ માલુમ પડે છે.

(ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ/વલ્લભી વંશ પૃ-૮૧)

**લેખ ક્રમાંક-૬**

સ્કંદગુપ્તનાં ગિરનારનાં લેખમાં સ્કદગુપ્તનાં સોરઠના હાકેમનું નામ જણાવ્યું છે. તે ઉપરથી એ તો નક્કી થાય છે કે સોરઠ ઉપર ગુપ્તવંશનાં રાજાઓનો અમલ સ્કંદગુપ્તનાં વખત સુધી (ઇ.સ.૪૫૪ થી ૪૭૦) ચાલેલો હોવો જોઇએ.

રાજા સ્કંદગુપ્ત પછી રાજા બુદ્ધગુપ્ત થયો. (ઇ.સ.૪૮૪ થી ૪૯૯) તેના વખતમાં સોરઠ ઉપર ગુપ્તવંશનાં રાજાઓનો અમલ હોવાનો પુરાવો મળતો નથી. રાજા બુદ્ધ ગુપ્ત વિશે એટલી વાત જણાય આવે છે કે આ રાજા નબળો હતો અને તેના વખતમાં ગુપ્તવંશનાં રાજાઓની પડતી થઇ હતી. ઇ.સ.૫૧૪ માં સેનાપતિ ભટ્ટાર્કે રાજ્યની સ્થાપનાં કરી ત્યાં સુધી સૌરાષ્ટ્ર અને ગુજરાત ઉપર કોણ રાજ્ય કરતું હતું તે નક્કી થયું નથી. આમ છતાં એટલું જણાય આવે છે કે રાજા બુદ્ધ ગુપ્તનાં વખતમાં અથવા તેના પછી તરત જ કોઇ બળવાન પ્રજાએ પ્રદેશ ઉપરનાં હાકેમ ને હરાવીને આ પ્રદેશ પોતાના કબજામાં લઇ લીધો.

વલ્લબી રાજાઓનાં તામ્રપત્રમાં જે મૈત્રિક લોકો એ કાઠિયાવાડમાં આવીને મંડલ અથવા રાજ્યની સ્થાપના કરી તે મૈત્રિક લોકો ગુપ્તવંશનાં હાકેમને હરાવનારી બળવાન પ્રજા હશે એમ લાગે છે.

આ મૈત્રિક લોકો એ જ મિહિર અથવા મહેર લોકો છે. મૈત્રક અને મિહિર એ શબ્દોનો અર્થ સંસ્કૃતમાં સૂર્ય થાય છે તેથી એ બંને પરથી થયેલા રૂપ એકબીજાને બદલે વપરાયાં હશે. મૈત્રિક એ મહેર કહેવાયાં અને મિહિર એ મૈત્રિક કહેવાયા હશે.

'મહેર' અથવા 'મેર' લોકો હજી કાઠિયાવાડમાં માલુમ પડે છે. કાઠિયાવાડનાં મહેર એ એક વિચિત્ર જાત છે. તેમની ભાષા, પોશાક અને દેખાવ ઉપરથી એમ લાગે છે કે તેઓ ઉત્તર હિન્દુસ્તાનમાંથી આવ્યા હશે. માલવ, જાટ, પહલવ વગેરે જાતોની માફક મહેર જાત પણ પંજાબ, સિંઘ, અને ઉત્તર ગુજરાતને રસ્તે થઇ કાઠિયાવાડમાં આવ્યાં છે. રસ્તામાં અજમેર બાદનુર, જેસલમેર, કોકલમેર અને મેરવાડનાં સંસ્થાનો સ્થાપવી આવી હશે.

ગુપ્તવંશના રાજાઓને હરાવનારા તોરમાણની સાથે આ મહેર જાત આવી હશે અને તોરમાણનાં સેનાધિપતિ સાથે સૌરાષ્ટ્રમાં દાખલ થઇ હશે. જે અરસામાં ભટ્ટાર્કનાં દુશ્મન તરીકે મૈત્રિકો (મહેર) હતા. તે અરસામાં તોરમાણે બુદ્ધગુપ્ત રાજાને હરાવ્યો હતો. એ બાબત ઉપરથી આ અટકળ સંભવિત લાગે છે.

ભટ્ટાર્કનાં વખતમાં (ઇ.સ.૫૦૯ થી ૫૨૦) મહેર લોકો એ કાઠિયાવાડનાં દ્વિપકલ્પમાં રાજ્યની સ્થાપના કરી હોવી જોઇએ. જો એમ નહોત તો વલ્લભી તામ્ર લેખોમાં મહેરોનું મંડળ ઘણી સત્તાવાળું હોવાનું લખે છે તે ન લખ્યું હોત. કાઠિયાવાડમાં ઉત્તર કિનારાનાં પ્રદેશ ઉપર વલ્લભીનું રાજ્ય નહીં પણ મહેર રાજાઓનું રાજ્ય હોવું જોઇએ. વલ્લભી રાજાઓનાં વખતમાં પાછળથી કદાચ મહેર રાજાઓ તેના ખંડિયા થયા હશે. આમ છતાં ઇ.સ.૭૭૦ માં વલ્લભી રાજાઓનાં નાશ પછી મહેર લોકોએ વલ્લભી રાજાઓનું રાજ્ય પડાવી લીધું અને પોતાના નાના રાજ્ય સ્થાપી આખા કાઠિયાવાડમાં રાજ્ય કરવા લાગ્યાં.

મહેર લોકોની સત્તા જ્યારે અતિ વધી પડી ત્યારે તેઓ કાઠિયાવાડનાં મધ્યભાગમાં બરડામાં આવી વસ્યાં. મહેર વંશમાં જૈક દેવ નામનો એક સ્વતંત્ર રાજા થઇ ગયો હશે. એ વાત સંભવિત લાગે છે. એમ ડૉ.ભગવાનલાલ નું માનવું છે.

(હ.બા.ગ્રંથ-૧૯૧૮)

**લેખ ક્રમાંક-૭**

સૂર્યપૂજકોનાં એ પ્રદેશની આસપાસ વસેલાં મહેર લોકોના મંદિરો અને ઘરોમાં સ્થાપત્ય કોઇપણ આગંતુકને હેરત પમાડે તેવું છે.

પચાંસેક વર્ષ ઉપર સંશોધન માટે આવેલા પહેલા અને છેલ્લા સરકારી પુરાતત્ત્વવિદ કઝીન્સ ધુમલીની પાડોશમાં ગોળ અને બિલેશ્વરમાં વિચિત્ર આકારનાં પ્રાચીન મંદિરો મળી આવ્યાં હતાં. ચોરસ આકારનાં મિનારા અને છેક ઉપર પિરામીડ ઘાટનાં ઘુમ્મટ નીચે બેસાડેલી સૂર્યની પ્રતિમા, ગોપનાં મંદિર ઉપરના લેખમાં લખેલી લીપી ભાષા વગેરે ઉપરથી કઝીન્સને નક્કી કર્યું કે આ મંદિરો જરૂર છઠ્ઠા સૈકા પહેલાનાં છે. ખૂબી તો એ છે કે આખા હિંદમાં માત્ર કાશ્મીરમાં આને મળતાં આકારનાં મંદિરો મળ્યાં છે. પરંતુ એ બારમાં સૈકાના છે. સૌરાષ્ટ્રનાં આ વિચિત્ર મંદિરો હિંદી સ્થાપત્યનાં ઇતિહાસમાં એક નવો કોયડો ઉભો કરે છે. ધુમલીના પાડોશને લક્ષમાં લઇને કઝીન્સે એવું મંતવ્ય રજૂ કરેલ છે કે આ મહેર જાતિએ બનાવેલ સૂર્યમંદિરો છે.

**લેખ ક્રમાંક-૮**

બરડાના પ્રસિદ્ધ મહેર લોકો વિશે કર્નલ વોકર લખે છે કે આ મહેર લોકો જેઠવાનાં પ્રથમ રાજાની સાથે આવેલ લોકોના વંશના છે.

મારવાડમાં ઘણા મહેર લોકો છે. ગિરનારમાં પણ મહેર લોકોની એક ટુકડી છે એમ કર્નલ વોકર લખે છે. અલબત્ત આ પ્રતિષ્ઠિત જણાય છે. ગિરનાર ખાંટ કોળીનો મુખી જે પોતાને રજપૂત ઓલાદનો માને છે તે પણ પોતાને મહેર કહેરાવે છે. આવા ઘણાં કુટુંબો મળી પાછળથી મહેરની જાત થઇ હશે. મહેર લોકોની શાખાનાં નામ જોતા એમ લાગે છે કે તેમાં ઘણી જાતના રજપૂતો ભળ્યાં છે.

જેઠવા જાતિનો રાણા જ્યારે ગાદી ઉપર બેસે ત્યારે રાજશાખા મહેર પોતાની આંગળી કાપીને લોહીનો ચાંદલો કરે તો જ રાજ્યાભિષેક પૂરો થયો ગણાતો.

(સૌરાષ્ટ્રનો ઇથિહાસ, પૃ.૩૫-૩૬)

**લેખ ક્રમાંક-૯**

નાગભટ્ટ પછી તેનો પુત્ર રામચંદ્ર તથા પૌત્ર મિહિર ભોજ (વિ.સ.૮૯૬ થી ૯૪૬) ને તાબે રજપૂતાનાનો ઘણો ભાગ હતો. તેના પુત્ર તથા પૌત્ર સામંતના તામ્રપત્રો છેક કાઠિયાવાડમાંથી મળી આવ્યાં છે. આ જોતા એમ લાગે છે કે મહેર ભોજને તાબે કાઠિયાવાડનો મોટો ભાગ હોવો જોઇએ. વિન્સેન્ટ સ્મિથ પણ આ વાત સ્વીકારે છે.

(અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયા, આવૃત્તિ -૩, પૃ.૩૭૯)

**લેખ ક્રમાંક-૧૦**

મેર લોકો બળવાન પ્રજા છે અને સૈકાથી આ જાતિએ જેઠવા સાથે સંબંધ જાળવી રાખ્યો છે. મેર પોતાના રાજપૂત તરીકે ઓળખાવે છે. અલબત જેઠવાઓ મેર લોકોનો આ દાવો સ્વીકારતા નથી. તેઓ કહે છે કે રણધીરજી નામે જેઠવા થઇ ગયા છે. આ રણધીરજી જેઠવાનાં બરડામાં ચોવીસ ગામો હતાં. મહેર લોકોએ જેઠવાનાં વંશના છે. આ લોકો લશ્કરી ફરજ બજાવવા માટે બંધાયેલી છે. મહેર લોકોને એની લશ્કરી ફરજનાં બદલામાં ગરાસ આપવામાં આવે છે.

(મુંબઇ, ઇલાકાનાં ગેઝેટીયરના આઠમાં વોલ્યુમમાંથી)

**લેખ ક્રમાંક-૧૧**

ઇ.સ.નાં નવમાં સૈકામાં અને કદાચ એથી પણ ૨૫૦ વર્ષ અગાઉ જ્યારે જેઠવાઓને સિંઘમાંથી નસાડી મુકવામાં આવ્યા ત્યારે તેઓ કચ્છમાં થઇ ગુજરાતમાં પ્રવેશ કર્યો. કચ્છનું રણ ઓળંગી તેઓએ મોરબી જીતી લીધું અને ત્યાંજ વસવાટ શરૂ કર્યો. ત્યારબાદ કચ્છનાં અખાતનાં દક્ષિણ ભાગ પર પોતાની સત્તા સ્થાપી. ત્યાંથી તેઓ બરડા તરફ આગળ વધ્યાં. જ્યાં પ્રથમ શ્રીનગરમાં તેઓએ વસવાટ કર્યો. બરડો પર્વત પણ જીતી લીધો. જ્યાં શાલકુમારે પોતાની વિખ્યાત રાજધાની ઘુમલી અથવા સાધારણ રીતે ઓળખાતી ભંભૂલીની સ્થાપના કરી. તેઓ સત્તાને શિખરે પહોંચ્યાં હતાં. ઓખા મંડળ અથવા નાઘેરનાં ચાવડાની બાબતમાં તેમણે માથું માર્યું હોય કે ઘર્ષણમાં આવ્યાં હોય તેવું જણાતું નથી. તેઓનાં અહીંના વસવાટ દરમિયાન મહેર જ્ઞાતિ (જેને જેઠવાઓથી સહેજ ઉતરતી ગણવામાં આવે છે.) તેમની સાથે હતી. આજનાં દિવસ

સુધી પણ મહેર લોકોએ બરડા ડુંગરની આજુબાજુનાં પ્રદેશમાં પોતાનો વસવાટ ચાલુ રાખ્યો છે. વાલાકમાં શેત્રુંજી નદીનાં કિનાર પર આવેલાં ટીમ્બા નજીક અથવા આજનાં ટિમાના પર મહેર લોકો અથવા જેઠવાઓએ રાજ કર્યું હોય એમ માનવામાં આવે છે.

(મુંબઇ ઇલાકાનાં ગેઝેટીયરના આઠમાં વોલ્યુમમાંથી)

**લેખ ક્રમાંક-૧૨**

પૃથુરાજનાં કવિ ચંદ બારોટે લખ્યું છે કે જયાં એક ટેકરીની બીજી ટેકરી સાથે જોડાય છે ત્યાં મહેર અને મેનાનાં ટોળા જોડાયેલા છે. ચાર હજાર મહેરોએ અરવલ્લીનો રસ્તો બચાવવા નક્કી કર્યું. દરેક મહેર મરણીયો બન્યો. તેઓ શુકન જોઇને નીકળ્યાં હતાં. તેમના કામઠાઓ માંથી એક પણ તીર ખાલી જતું નહોતું, તેમની તીર ઇન્દ્રનાં ધનુષ્ય જેવા હતાં. તેઓ પોતાનું વચન પાળતાં હતાં.

મહેર લોકો સાપની માફક લાગ આવે ત્યારે દુશ્મન ઉપર તુટી પડતાં. દુશ્મનોને ખબર પડી ગઇ કે શુરવીર મહેરો પોતાની તીર કામઠાં સાથે પર્વતોની ગુફામાં ઉભા છે તો તેને હરાવવા કોણ શક્તિમાન છે? મહેરોનો ગુસ્સો શિકારની શોધમાં નીકળેલાં સિંહ જેવો છે.

મહેર લોકો સુમેરુ પર્વતની માફક અડગ હતાં. ઇન્દ્રની વજ્ર જેમાં મહેરોનાં તીર સાથે મૃત્યુને બોલાવી લાવતાં હતાં. દુશ્મનોનાં યોદ્ધાઓ લડાઇનાં ઘોડાઓ ઉપરથી પડવા લાગ્યા. પવનનાં ઝપાટાની જેમ ઝાડ પડી જાય તેમ દુશ્મનોનાં બખ્તર સાથે અથડાયને તીર ગર્જનાં કરતાં હતાં. દુશ્મનોની છાતીમાં લાગીને ભાલા એની પીઠ સોસરવા નીકળતા હતા. મહેર આગેવાનો દુશ્મનોને ચરખાની માફક ફેરવવા લાગ્યા. પર્વતવાસી મહેર સરદાર પડ્યો. આથી મહેરો ચમક્યાં પણ ડગ્યાં નહીં.

જે દેશમાં મેર વસે છે તે મહેરવાડા કહેવાયા છે. આ લોકો હિંદના અસલ વતની છે. મેર ઉપરથી પાછળથી મેરાવત નામ પડ્યું છે. કોકલમેર, અને અજમેર વચ્ચે નેવું માઇલ લાંબા અને છ થી વીસ માઇલ પહોળા અરવલ્લી પર્વતની હાર છે તે મેરવાડા કહેવાયા છે. આ ભવ્ય પ્રદેશનો દેખાવ શારીરિક ભૂગોળ વિદ્યાનો ચિતાર આપે છે. હિંદુસ્તાનનાં સૌથી અગત્યનાં

પ્રદેશની કુદરતી ખીલવણીનું વર્ણન કરવાની મારામાં શક્તિ નહોતી. અરવલ્લી પર્વતનું આબેહુબ વર્ણન કરતાં એક મોટો ગ્રંથ ભરાય એમ છે. મહેરોનો ઇતિહાસ જાણવા જેવો છે.

(ટોડ રાજસ્થાનમાંથી)

**લેખ ક્રમાંક-૧૩**

મહેર કોમ એ કાઠિયાવાડની એક બહાદુર કોમ છે. આ કોમ રૂપાળી, સશક્ત, બહાદુર, લડાયક તથા ખેતીના કામમાં ખૂબ જ કુશળ છે એનો પ્રાચીન, ઇતિહાસ ઉપલબ્ધ છે. ફારસી વિધાનો તો આ મહેર લોકાને કૌરવ જેટલા પ્રાચીન માને છે. પ્રાચીન લેખકોના જણાવ્યાં મુજબ મહેર લોકોનાં વડવાઓ સિંધુ ઉપર રહેતા. દુર્યોધનનાં બનેવી જયદ્રથનાં રાજ્યમાં હતાં, એટલે કૌરવનાં પક્ષવાળી આ મહેર જ્ઞાતિનો ઉલ્લેખ મહાભારતમાં આવે છે. આઠમાં સૈકામાં મહેરો કાઠિયાવાડમાં આવ્યાની કલ્પના છે. પાંચેક હજાર વર્ષ પહેલા આ જાતિ એશિયામાં આવી પંજાબમાં વસી હતી. એવી વિદ્વાનોની કલ્પના છે. 'મહેર' શબ્દ સૂર્યમાંથી નીકળ્યો હોવાનાં ઘણાં અનુમાન છે. મહેરો સૂર્યપૂજક છે. આગળ બધા સૂર્યપૂજકો હતાં.

મહેર પ્રજાએ કાઠિયાવાડનાં ઇતિહાસમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. કાઠિયાવાડમાં આવેલો એમનો ભાગ બહુ નાનો છે. આ પ્રજા કોઇ રાજ્ય સ્થાપી શકી નથી. મહેર લોકોનો એક ભાગ સિંધુ કિનારેથી મારવાડમાં થઇ વસ્યો હતો. કોઇએ એવું અનુમાન કર્યું છે કે મેરવાડનું અપભ્રંશ મારવાડ છે. મેવાડમાં પણ લોકો વસ્યાં છે.

ઇતિહાસનાં ચોપડે નોંધ્યું છે કે મહેર લોકો ઇ.સ.૧૧૯૫માં ભરતપુરની જાટ નામની પ્રજા સાથે સ્પર્ધામાં ઉતર્યા હતા. કાઠિયાવાડમાં મહેરોએ તેના જુના રિતરિવાજો સાચવી રાખ્યા છે. અરવલ્લી પ્રદેશનાં મહેડના વંશજો પણ મહેરો સાથે સંબંધ તથા કુળની એકતા ધરાવે છે. ઇ.સ. આઠ કે નવમાં સૈકામાં મહેરો કાઠિયાવાડની ઉતરે ઠેઠ મોરબીમાંથી નીકળી બરડાની વચ્ચે ધુમલીમાં વસ્યા હતાં.

મહેર સ્ત્રી-પુરુષોની બહાદુરીની વાતો બારોટ અને ભાટ-ચારણોની જીભે ચડી છે. જેઠવાઓ સાથે મહેર લોકોનાં અંતઃકરણ દસ-દસ સદીઓથી જોડાયા છે. જેઠવાઓનાં નસીબ સાથે જોડાઇ મેહરોએ પોરબંદરનાં રાજ્યને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. હમણાં તો જેઠવા

રાજપૂતોની પ્રજા તરીકે કાઠિયાવાડી મહેર લોકોનો મોટો ભાગ છે. પોરબંદરમાં એમને જમીનનાં ખાસ હક્કો મળ્યા છે. મહેર છાંયાનાં સુલતાનની તલવાર સમાન હતા. પોરબંદરનાં મહેર લોકો હાલ ચૌદ ગામ અંગત ખાય છે. તેઓનો દાવો મૂળ ગરાસિયા તરીકેનો હતો એ માટે નિમાયેલાં કમીશને ગરાસિયા તરીકે સ્વીકાર્યા છે. પોરબંદરનાં રાજાઓ માટે આ રાણીઓ પણ મહેરમાંથી આવી હશે. પોરબંદર સાથે એમને સારો ઘેરાબો હતો. મહેરોને વેદાંતનો વારસો વંશપરંપરામાં મળ્યો છે. મહેર લોકો તત્ત્વજ્ઞાનનાં શોખીન છે. વેદાંતનાં ભજનો અને તેની વાણીમાં ખૂબજ શોભે છે. મહેરને લખતાં-વાંચતાં ન આવડતું હોય, વેદાંત, ઉપનિષદ, ગીતા ભણ્યા ન હોય છતાં વેદાંતનાં સિદ્ધાંતો તેની જીભે હોય જ ! મહેરની સ્ત્રીઓ અતિશય સુંદર, કદમાં ઊંચી તેમજ બહાદુર હોય છે. મહેર લોકોનાં શરીર તંદુરસ્ત અને દીર્ઘજીવી હોય છે. આ જ્ઞાતિમાંથી સો વરસની ઉંમરે પહોંચેલા ઘણાં મળી આવે છે. નિમક હલાલી અને પ્રેમાણ પણું આ લોકોને વારસામાં મળ્યું છે. આ લોકો ગ્રામવાસી છે. પ્રગતીશીલ ન હોવા છતાં આ મહેર લોકો સુખી અને સાદુજીવન ગુજારે છે. કાઠિયાવાડનાં અનેક યુદ્ધોમાં મહેર લોકોએ પોતાનું પાણી બતાવ્યું છે.

**લેખ ક્રમાંક-૧૪**

અંગ્રેજ સરકારનું રાજ્ય થયા પહેલા કાઠિયાવાડની આસપાસ અરબી સમુદ્રમાં ચાંચિયા લોકો (દરિયાઇ લુંટારા) ની મોટી ટોળી હતી. તે કાવી, ઘોઘા, જાફરાબાદ વગેરે બંદરોમાં મોટી લૂંટ ચલાવતી. આવા ચાંચિયાઓનું જોર વલ્લભી રાજ્યનાં વખતમાં બહું હતું. તેઓ વેરાવળની આસપાસ પણ મોટી લૂંટો ચલાવતા.

વલ્લભી રાજાઓ તે વખતે આવા ચાંચિયાઓને વશ કરી શકયા નહોતાં પરંતુ તે વખતે કાઠિયાવાડમાં મહેર લોકોનું ખૂબ જ જોર હતું. આ મહેર લોકોએ ચાંચિયાઓને દરિયા કાંઠેથી નસાડ્યા. ચાંચિયાઓ ત્યાંથી નાસીને કચ્છનાં રણનાં કિનારાથી આસપાસ વસ્યા. ત્યાં તેમણે નાના-નાના રાજ્ય સ્થાપ્યાં. વખત જતાં તેઓ 'ચૌરા' કે 'ચૌડા' નાં નામથી પોતાને ઓળખાવતાં શરમાયાં એટલે નામ બદલીને પોતાને 'ચાવડા રજપૂત' તરીકે ઓળખાવવા લાગ્યા.

આ રજપૂત વંશમાં (ચાવડા વંશમાં) જય શિખર નામનો બહાદુર રાજા થયો, તેણે નાનાં-નાનાં રાજ્યો જીતીને મોટું રાજ્ય સ્થાપ્યું. આ સમયે ઉત્તર ગુજરાતમાં પાટણનાં તખ્તા ઉપર ચાવડા વંશની સત્તા હતી. અને દક્ષિણમાં ચાલુક્યની સત્તા હતી.

- નાનચંદ જ. વખારીયા (ગુજરાતનો બાળ ઈતિહાસમાંથી)

**લેખ નંબર-૧૫**

ભાટ લોકો જે સૂર્ય કે ચંદ્ર વંશમાં નોંધવાનું ભુલી ગયા છે તે ચાવડાઓએ દરિયા રસ્તે આવી ઓખા મંડળમાં જમાવટ કરી અને બારાડીને દરિયાને કિનારે શ્રી નગર (પોરબંદર નજીક આવેલું ગામ) માં 'મિહિર' અથવા 'મહેર' લોકોએ પણ થાણું સ્થાપ્યું. એ મહેર દરિયા રસ્તે થઇને આવ્યાં એમ હું કહી નાંખતો નથી. ભાટ લોકોનાં ચોપડા કહે છે કે આખા બારાડી હાલારનો કબજો મહેરો લેતાં આવ્યાં. સાતમાં સૈકાના બે તામ્રપત્રો ઉપરથી આ હકીકત વિશેષ સાબિત થાય છે.

**લેખ નંબર-૧૬**

મહેર જાતિ ઉત્તર તરફથી આવીને પશ્ચિમ રજપૂતાનાં તરફથી ગુજરાતમાં દાખલ થઇ હતી. અજો, જેસો બડ, કોમલ વગેરે તેમનાં સરદારો હતાં. તેઓનાં નામ ઉપરથી અજમેર, જેસલમેર, બાડમેર, કોમલમેર વગેરે નામ પડ્યાં હતાં. પંજાબ તરફથી આવીને ગુપ્તોને હરાવનારા મિહિર કુલ (ઇ.સ.૫૧૨ થી ૫૫૦) નાં નામ ઉપરથી તથા તેના સમય ઉપરથી એમ લાગે છે કે તે મહેર જાતનો હશે મહેર લોકો હુણ લોકોની સાથે મળી ગયાં હશે. તથા તેઓની સાથે આવી કાઠિયાવાડમાં પોતાના રાજ્યની સ્થાપના કરી હશે. મહેર લોકો કાઠિયાવાડની ઉત્તર ગયા હોવાનું જણાય છે.

➢ **બારોટનાં ચોપડા ઉપરથી ઉતારેલો દાખલા નં પાંચ :**

સં ૧૭૨૧ ના કારતક સુદ પાંચમને બુધવારે નીલ પરણામી, મહેરની નાત જમાડીને બ્રાહ્મણ મહેરવદરિયાને ગામ આપ્યું. જોષી માવજીને મહેરવદર ગામ આપ્યું.

ભટ્ટી(ભુતિયા) માલદેવ સમસ્ત ભાઇઓનો ભાગ બ્રામણને તુલસીને પાંદડે આપ્યો છે. બીજી જમીન ભાટને ભાટપાળમાં આપી છે. તેમજ અઢાર પરાજા આપી છે. વહીવંચાની વહીમાં વેઢ આપીને તેની નિશાની રખાવી છે.

➢ **બારોટનાં ચોપડા ઉપરથી ઉતારેલો દાખલા નં છઃ**

કાળુ સુમરો પોચીતરા ગામે (ઓખા મંડળ આગળ) મરાયો છે. જૂનાગઢનો નવાબ બાબી હામદખાં, માંગરોળનો ધણી શેખમિયાં, ગોંડલનો ધણી કુંભોજી તથા જામસાહેબની ફોજ ભેળો મેરૂ અજાણી અને મોરબીનાં ધણીની ભેળી ભાવનગર તથા ધ્રાંગધ્રા ફોજ - આ બધી ફોજો પોચીતરા ગામ આવી પહોંચી. સાતેય રાજાઓએ ધીંગાણું કર્યું પણ પોસીતારું ન લેવાયું. જૂનાગઢનાં દિવાન અમરજીને બાંદરાએ મોકલ્યો પરંતુ કાળુ સુમરાએ તથા વજદેએ ચોખ્ખું જણાવી દીધું કે, અમે જ્યાં સુધી જીવશું ત્યાં સુધી તો ચરણે નહીં જ થઇએ, અમારું મોત તો થશે જ, પણ આટલા રાજાઓની જાન ક્યાં મળે ? એટલે ધીંગાણું થયું. આમ છતાં કોઇપણ રાજાથી પાંસીતરું ન લેવાયું. અંતે સરાણ (સુંરગ) દઇ મઢની મેડી ઉડાડી, કાળુ અને વજદે બંને ત્યાં મરાયોં. એ બંનેની ખાંભીઓ પોસીતરા ગામે છે. બખરલા ગામને ઉગમણે ઝાંપે સબારણ સતીની દેરીથી દક્ષિણ દિશામાં એ બંનેનાં પાળીયા છે.

➢ **બારોટનાં ચોપડા ઉપરથી ઉતરેલો દાખલા નં ત્રણ :**

અરજનકા દેવા કાળુને જૂનાગઢ નવાબ બાબી હામદખાં તરફથી દેવડા ગામનો ગરાસ અપાયેલો છે. તેની વિગત તરસાઇને સિમાડે બિલેશ્વરીનાં કિનારે તથા વાંસ જાળીયાને સિમાડે અપાયેલી સીમમાં છે. તેનો પરવાનો કણબી સાતા ગોવિંદજી પટેલનાં ઘરમાં છે. તેની વિગત વહીંવંચાની વહીમાં મંડાયેલી છે. ધરતીનો આશરો, બારોટને અપાયેલા ઘોડા તથા પહેરામણી, પણ મંડાવેલ છે. (સં. ૧૮૩૧ ની સાલમાં રાણા સુલતાનજી વિક્રમાતજીનાં રાજ્યમાં)

- ગોકળદાસ પરમાર (કુમાર, પૃ.૩૫૬)

લેખ ક્રમાંક- ૧૭

સોરઠને સિમાડે અને બરડાની ઓથમાં એક ખડતલ જાતિ વસે છે. તેની સંખ્યા બહુ અલ્પ છે. પોરબંદર જૂનાગઢ અને જામનગરની હદ સિવાય બીજે ક્યાંય એ જાતિનો વસાવટ નથી. એ જાતિનો વહેવાર સૌરાષ્ટ્ર, પુરતો મર્યાદિત છે. આટલાં ટૂકાં પ્રદેશમાં એ જાતિ જીવન વિતાવી રહી છે. પોરબંદર રાજ્યની વસતીનો લગભગ પાંચમો ભાગ આ જાતિએ રોક્યો છે. વીસથી પાંત્રીસ હજારની સંખ્યામાં આ લોકો હોવા છતાં એની પાછળ સારો એવો ઈતિહાસ છે. સિંધની દક્ષિણે 'મહેર', 'મેર' અથવા 'માડ' નામની બળવાન મહેર જાતિનાં લોકો વસતાં. આ લોકો તેમનાં હોવા જોઈએ તેમ ડોટસન અને ઈલિયટ જેવા ઈતિહાસવિદોનું માનવું છે. ટોડ સાહેબનું મંતવ્ય એનાથી વિપરિત છે. તેઓ માને છે કે આ લોકો મેવાડમાંથી આવેલાં છે. ગમે તે હો, એક બળવાન અને લડાયક જાતિ તરીકે મહેરની ગણના થઈ છે. એ ચોક્કસ વાત છે.

મહેર લોકો રબારી અને ભરવાડ જેવા નથી પરંતુ સ્થાયી ખેડૂત તરીકે એમની આ ભાગમાં જમાવટ થઈ છે. મહેર લોકો ખાસ કરીને પોરબંદરની વસતી છે. અને એમના વડવાઓ એ પોરબંદરનાં મહારાણાને પડખે ઉભા રહીને અણીને સમયે પુરી મદદ કરી હતી. રાજમાતા કલાબાઈ બાળરાજાને લઈને નાસતાં ફરતાં ત્યારે આ મહેર લોકોએ પોરબંદરની રિયાસત ઉભી કરવા માટે લીલાછમ માથા વધેરી આપ્યાં હતાં. પોરબંદરનાં રાણાએ મહેર લોકોને સોળ ગામ આપ્યા છે. જેની ઉપર હજુ તેઓ ખાય છે. રાજશાખા મહેરને રાણાના રાજ્યભિષેક વખતે તિલક કરવાનો હક્ક છે.

મહેર પુરુષો કદે ઊંચા શરીરે ભરાવદાર, અંગે ઘાટીલા અને કસાયેલાં છે. મહેર લોકો વાને ઘઉંવર્ણા અને ગોરા પણ છે. મહેરાણીઓ પણ સુંદર અને સશક્ત છે.

મહેર જુવાનોની રમતમાંથી નરી મર્દાનગી નીતરતી હોય છે. હોળી અથવા સાતમ-આઠમનાં તહેવારોને દિવસે મહેર લોકોનાં જુવાનોની ટુકડી એકઠી થાય છે અને છુટા પથ્થરા અને માંટીના ઢેફા અથવા માંટીની બનાવેલી કોઠીનાં ભાંગેલા ટુકડાઓનાં છૂટથી સામસામા ઘા કરે છે. સામસામા ઘા કરતાં કોઈને લાગે, લોહી લુહાણ થાય, છતાં પાછા હઠે નહીં. આ બાબતથી વેર પણ થાય નહીં. એ ટોળીમાંથી એક ટોળીની જીત થાય ત્યારે રમત બંધ થાય.

નાળિયેરનાં પડખામાં સોપારી રાખી, સોપારી ઉપર હથેળીની જોરદાર ભીંસટ દઈ અને નાળિયેરમાં નાંખી દેવું. ગોળનાં બે મોટા માંટલાં બે હાથમાં ઉપાડીને દોડી જવું. અનાજની બે ગુણો બે બગલમાં અને એક પીઠ ઉપર ઉપાડી મકાનને બીજે માળે મુકી દેવી. દસ-પંદર ફુટ ઉંચી દિવાલ પર પગરખું રાખી પછી દોટ મૂકીને પગથી પાડી નાંખવું વગેરે તાકાત ભરેલી અનેક રમતો મહેર જુવાનોની તાકાતનો પરચો બતાવે છે. રેટિંયો કાંતવા, ભરત ભરવા, પોતાનાં મકાનોની દિવાલો પર વગર માપે અને વગર પીંછીએ સુંદર ચિત્રો દોરવા વગેરે કામ મેરાણીઓ કરે છે.

મેરાણીઓ પોતાનાં પતિ અને બાળકોને માટે રેંટિયાથી કાંતેલ સુતરની ખાદીનાં કપડાં પહેરવામાં અતિશય આનંદ અનુભવે છે. મહેર લોકો પોતાનાં પ્રદેશની બહાર ભાગ્યે જ ફરવા જાય છે. તેઓ સ્વતંત્ર વાતાવરણમાં ઉછરેલાં હોવાથી કોઈનું વેણ કે અપમાન સાખી શકતા નથી. તેઓ નાની અમથી વાતમાં પણ કોઈનું ખૂન કરી નાંખે છે. મહેર લોકોની આ લડાયક પ્રવૃત્તિને સારા કાર્યમાં જોડાવાનાં પ્રયાસ કરવા માં આવે તો કાઠિયાવાડની આ મજબૂત જાતિ દેશનાં હિત ખાતર ખરે ટાણે માથા આપતા પાછી હઠે તેમ નથી.

**લેખ ક્રમાંક -૧૮**

**ગોહેલવાડ તાબે (ઉજી સરવૈયા મહાલ) ગામનો સં.૧૩૮૬ નો લેખ**

ચંદ્રવંશમાં ખગાર નામનો રાજા થઇ ગયો. તેના વંશમાં જશધવલ નામનો રાજા થયો. જશધવલને મલ્લમંડલ અને મેલિંગ નામનાં ત્રણ પુત્રો હતા. આ વખતે વાખલ રાજવંશમાં નાગાર્જુન નામે એક માણસ થઇ ગયો. તેનો પુત્ર મહાનંદ હતો. મંગળરાજની પુત્રી હતી. તેણે ઠેપક નામના વીર પુત્રને જન્મ આપ્યો. આ ઠેપકે તેમનાં સદ્‌ગુણોથી લોકોનાં મન જીતી લીધાં. તળાજાનાં રાજા મહિશે તેને રાજ્ય આપ્યું. તેણે 'ઠેપાવાવ' નામે એક સુંદર મજાની વાવ બંધાવી. આ મહેર બ્રાહ્મણોને ખૂબ પ્રિય હતો.

(ઇન્ડિયન એન્ટીક્વરી : અંક-૧૫, પૃ.૩૬૦)

**લેખ ક્રમાંક- ૧૯**

રાષ્ટ્રકુટ અર્થાત્ રાઠોડ વંશનાં રાજા ધ્રુવ ત્રીજાનું દાનપત્ર શક ૭૮૯ (ઇ.સ.૮૬૭) માં લખાયું છે. આ દાનપત્રમાં લખ્યું છે. મિહિર અર્થાત્ મહેર ભારે શક્તિવાન હોવા છતાં ધારાવર્ષનાં પરાક્રમ આગળ હારી ગયો.

(ઇન્ડિયન એન્ટીક્વરી : વોલ્યુમ-૧૧, પૃ.૧૭૯)

**લેખ ક્રમાંક- ૨૦**

**ભાવનગર ટિમાણા ગામનો, ચાલુક્ય રાજા ભીરદેવ બીજા (વિ.સ.૧૨૬૪) નો લેખ**

ટિમાણા ગામનો મહેર રાજા જગમાલ હતો. જગમાલે બે મૂર્તિઓ સ્થપાવી હતી. એક દેવી ચઉડેશ્વરની અને બીજી પૃથ્વીદેવીની આ બંને મૂર્તિઓ પોતાનાં માતાપિતાના પૂણ્યાર્થ કરાવી હતી. ચઉરડા એ મહેર રાજા આનનો પુત્ર હતો. ચાઉડરાની પોતાની શેઠાણી રાજા જગમાલની માતા હતી. આ બંને મૂર્તિઓ તળાજામાં સ્થપાવી હતી.

(ઇન્ડિયન એન્ટીક્વરી : વોલ્યુમ-૧૧, પૃ.૩૩૭)

**લેખ ક્રમાંક- ૨૧**

**મહાવીર મૂર્તિ ઉપરનો લેખ**

મહેર રાજા રણસિંહને તાબેનાં ટિમાણા ગામમાં સૂરિ શાંતિપ્રભનાં શિષ્ય સૂરિ હરિપ્રભે આ મહાવીરની મૂર્તિ ઇ.સ. ૧૨૧૫ માં સ્થપાવી હતી.

**લેખ ક્રમાંક- ૨૨**

સિંધમાં સિંધુ નદીની ઉપર આવેલું મહેર એ મહેર જાતિનું પ્રાચીન સ્થળ ગણાય છે. મૈત્રિકોએ મહેર છે. એવા પંડિત ભગવાનલાલનાં જાતને હું ટેકો આપું છું. મહેરનું અસલ નામ મિહિર હતું. સંસ્કૃતમાં મિહિર અને મિત્રકનો અર્થ એક જ થાય છે.

(ડૉક્ટર ફલીટ : વોલ્યુમ - ૧૫, પૃ.૩૬૦ થી ૩૬૨)

**લેખ ક્રમાંક- ૨૩**

શંત્રુજય મહાત્મ્ય નામનું જૈનોનું પુસ્તક છે. આ પુસ્તકમાં વલ્લભીનાં રાજાઓને યાદવો કહ્યાં છે. આ રાજાઓ મૈત્રક અથવા મહેર વંશના હતાં.

**લેખ ક્રમાંક- ૨૪**

અણહીલવાડનાં રાજાઓનાં રાજ્યોમાં મહેર લોકો મોટા હોદ્દા ધરાવતા હતાં. એમ તિમાન ગામનાં તામ્રપત્રમાં મહેર જગમાલ રાજાનો ઉલ્લેખ છે.

(કાઠિયાવાડ ગેઝેટીયર, પૃ.૨૭૯)

**લેખ ક્રમાંક- ૨૫**

કુમારપાળને કાઠિયાવાડનાં સમર રાજા સાથે લડાઇ થયેલી એમ કુમારપાળ ચરિત્રમાં જણાવાયું છે. આ સમર રાજા કદાચ ગોહીલવાડનો કોઈ મહેર સરદાર હશે.

# સંદર્ભગ્રંથ

૧૨. સૌરાષ્ટ્રનો ઇતિહાસ. લેખક : શંભુપ્રસાદ હ. દેસાઇ ત્રીજી આવૃત્તિ. ૧૯૯૦
૧૩. મહેર જવામર્દ લેખક : શ્રી ભરતભાઇ બાપોદરા, પ્રથમ આવૃત્તિ - ૧૯૯૭
૧૪. જૂનાગઢ અને ગિરનાર લેખકશ્રી શંભુપ્રસાદ હ. દેસાઇ બીજી આવૃત્તિ - ૧૯૯૦
૧૫. જાહેર ક્ષત્રિય વંશ કા ઇતિહાસ સંપાદક શ્રી માલદેવ રાણા કેશવાલા આવૃત્તિ-દુસરી, વર્ષ-૨૦૦૦
૧૬. મહેર જવામર્દો સંપાદક શ્રી માલદેવ રાણા કેશવાલા, આવૃત્તિ બીજી વર્ષ-૨૦૦૦
૧૭. રાજસ્થાનનો ઇથિહાસ ભાગ-૧, લેખક : શ્રી કર્નલ જેમ્સ ટોડ,
૧૮. ડૉ. ફલીટ વોલ્યુમ-૧૫

## પાદટીપ

૧. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શંભુપ્રસાદ હ. દેસાઇ. ત્રીજી આવૃત્તિ-૧૯૯૦, પૃ.૪૭૮
૨. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શંભુપ્રસાદ હ. દેસાઇ. ત્રીજી આવૃત્તિ-૧૯૯૦, પૃ.૪૭૮-૭૯
૩. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શંભુપ્રસાદ હ. દેસાઇ. ત્રીજી આવૃત્તિ-૧૯૯૦, પૃ.૪૭૯
૪. મહેર જવામર્દ : લેખક : શ્રીભરતભાઇ બાપોદરા. પ્રથમ આવૃત્તિ-૧૯૯૭, પૃ.૨૯
૫. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શંભુપ્રસાદ હ. દેસાઇ. ત્રીજી આવૃત્તિ-૧૯૯૦, પૃ.૭૩
૬. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શંભુપ્રસાદ હ. દેસાઇ. ત્રીજી આવૃત્તિ-૧૯૯૦, પૃ.૭૪
૭. મહેર જવામર્દ, ભાગઃ૪ લેખકઃ શ્રી ભરતભાઇ બાપોદરા પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭, પૃ.૩૦
૮. જૂનાગઢ અને ગિરનાર લેખક : શ્રી શંભુપ્રસાદ હ.દેસાઇ. બીજી આવૃત્તિ ૧૯૯૦, પૃ.૫૮
૯. મહેર ક્ષત્રિય. વંશ કા ઇતિહાસ સંપાદક શ્રી માલદેવ રાણા, કેશવાલા આવૃત્તિ-દુસરી વર્ષ-૨૦૦૫, પૃ.૬૫
૧૦. મહેર ક્ષત્રિય. વંશ કા ઇતિહાસ સંપાદક શ્રી માલદેવ રાણા, કેશવાલા આવૃત્તિ-દુસરી વર્ષ-૨૦૦૫, પૃ.૬૫

૧૧. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શંભુપ્રસાદ હ. દેસાઇ. ત્રીજી આવૃત્તિ-૧૯૯૦, પૃ.૧૩૬-૩૭
૧૨. મહેર જવામર્દ ભાગ-૪, લેખક : શ્રી ભરતભાઇ બાપોદરા પ્રથમ આવૃત્તિ ૧૯૯૭, પૃ.૩૨
૧૩. મહેર જવામર્દો સંપાદક શ્રી માલદેવ રાણા કેશવાલા, આવૃત્તિ બીજી વર્ષ-૨૦૦૦, પૃ.૨૫-૨૬
૧૪. મહેર જવામર્દો સંપાદક શ્રી માલદેવ રાણા કેશવાલા, આવૃત્તિ બીજી વર્ષ-૨૦૦૦, પૃ.૨૬-૨૭
૧૫. રાજસ્થાનનો ઇતિહાસ ભાગ-૧, લેખક : શ્રી કર્નલ જેમ્સ ટોડ, પૃ.૦૩
૧૬. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શંભુપ્રસાદ હ. દેસાઇ. ત્રીજી આવૃત્તિ-૧૯૯૦, પૃ.૧૩૭
૧૭. મહેર જવામર્દ, ભાગ-૪, લેખક : શ્રી ભરતભાઇ બારોદરા, પ્રથમ આવૃત્તિ-૧૯૯૭, પૃ.૩૨
૧૮. રાજસ્થાનનો ઇતિહાસ ભાગ-૧, લેખક : શ્રી કર્નલ જેમ્સ ટોડ, પૃ.૦૪
૧૯. મહેર જવામર્દ, ભાગ-૪, લેખક : શ્રી ભરતભાઇ બારોદરા, પ્રથમ આવૃત્તિ-૧૯૯૭, પૃ.૩૩
૨૦. રાજસ્થાનનો ઇતિહાસ ભાગ-૧, લેખક : શ્રી કર્નલ જેમ્સ ટોડ, પૃ.૦૪
૨૧. ડૉ.ફલીટ વોલ્યુમ-૧૫, પૃ.૩૬૦
૨૨. મહેર જવામર્દ, ભાગ-૪, લેખક : શ્રી ભરતભાઇ બારોદરા, પ્રથમ આવૃત્તિ-૧૯૯૭, પૃ.૩૦
૨૩. મહેર ક્ષત્રિય વંશ કા ઇતિહાસ. સંપાદક શ્રી માલદેવ રાણાકેશવાલા આવૃત્તિ - દુસરી વર્ષ ૨૦૦૦, પૃ.૧૨૬
૨૪. મહેર જવામર્દો સપાંદક : શ્રી માલદેવ રાણા કેશવાલા આવૃત્તિ બીજી, વર્ષ-૨૦૦૦, પૃ.૦૮
૨૫. રાજસ્થાનનો ઇતિહાસ ભાગ-૧, લેખક : શ્રી કર્નલ જેમ્સ ટોડ, પૃ.૬૮૨

૨૬. મહેર જવામર્દો સપાંદક : શ્રી માલદેવ રાણા કેશવાલા આવૃત્તિ બીજી, વર્ષ-૨૦૦૦, પૃ.૩૬-૩૮

૨૭. મહેર જવામર્દો સપાંદક : શ્રી માલદેવ રાણા કેશવાલા આવૃત્તિ બીજી, વર્ષ-૨૦૦૦, પૃ.૧૧

૨૮. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શંભુપ્રસાહ હ. દેસાઇ, ત્રીજી આવૃત્તિ, ૧૯૯૦, પૃ.૩૧૬

૨૯. સૌરાષ્ટ્રનો ઇતિહાસ લેખક : શંભુપ્રસાહ હ. દેસાઇ, ત્રીજી આવૃત્તિ, ૧૯૯૦, પૃ.૩૨૦

૩૦. પંડિત ભગવાનલાલ મુંબઇ ગ્રંથ-૧, પૃ.૧૨૭

૩૧. શ્રી વી સ્મીથ અર્લી હિસ્ટ્રી ઓફ ઇન્ડિયા આવૃત્તિ-૩, પૃ.૩૨૬

૩૨. રાજસ્થાનનો ઇતિહાસ ભાગ-૧, લેખક : શ્રી કર્નલ જેમ્સ ટોડ, પૃ.૧૦

૩૩. ઇતિહાસવેતા-હેમલ

૩૪. રાજસ્થાનનો ઇતિહાસ-ઇલિયટ

૩૫. સરકારી પુરાતત્ત્વવેતા - કઝીન્સન

૩૬. મહેર ક્ષત્રિય વંશ કા ઇતિહાસ સંપાદક : શ્રીમાલદેવ રાણા કેશવાલા આવૃત્તિ દુસરી, વર્ષ ૨૦૦૦, પૃ.૧૩૧

૩૭. જગદીશ ગેહલોત

૩૮. રાજસ્થાનનો ઇતિહાસ ભાગ-૧, લેખક : શ્રી કર્નલ જેમ્સ ટોડ